RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 11* Date: 05.11.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### પીરાણા-પીપળજ ખાતેના સાહિલ એન્ટરપ્રાઇઝમાં બોઇલર ફાટતા આગ લાગી હતી

# અમદાવાદમાં કાપડના ગોડાઉનમાં ભીષણ આગ: ૯ લોકો જીવતા ભૂંજાયા

**કેમિકલ ફેક્ટરીમાં બ્લાસ્ટ થતા કાપડ ફેક્ટરી સહિત ૪ ગોડાઉનની છત ધરાશાયી, આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ ચાલુ, ફાયરબ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુ માટે જોડાયા**



અમદાવાદ,તા.૪

દિવાળી ટાણે હવે રાજ્યમાં અલગ અલગ જગ્યાએ આગ લાગવાની ઘટનાઓ ફરીથી શરૂ થઈ છે. અમદાવાદમાં કાપડ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હોવાના અહેવાલ મળતા અફડા તફડીનો માહોલ સર્જાયો છે. શહેરમાંના પીરાણા પીપળજ રોડ પર નાનુકાકા એસ્ટેટમાં આવેલા કાપના ગોડાઉનમાં બોઈલર ફાટતા આગ લાગી હતી. બોઈલરના કારણે થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે દીવલો પણ ધરાશાયી થઈ હતી. આગમાં અત્યાર સુધી ૯ લોકોના મોત નીપજ્યા છે. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. હજુ પણ કેટલાંક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ આગ સાહિલ એન્ટરપ્રાઇઝમાં લાગી હોવાનું સામે આવ્યું છે.

જયારે બાજુમાં કાપડની ફેકટરી આવેલી હતી જ્યાં કેટલાક લોકો પૅકિંગનું કામ કરતા હતા. બાજુની કેમિકલ ફેકટરીમાં આગ લાગતા કાપડની ફેકટરીનું ધાબુ પડી ગયું અને બાજુની ફેકટરીની આગ કાપડની ફેકટરીમાં ફેલાઈ ગઈ હતી. કાપડના કારણે આગ વધી અને ગંભીર રીતે લોકો દાઝ્યા હતા. પિપલ રોડ પર આવેલ નાનુકાકા એસ્ટેટના કાપડના ગોડાઉનમાં ૧૧ વાગ્યાની આસપાસ મોટો બ્લાસ્ટ થયો હતો. ગોડાઉનમા બ્લાસ્ટ થતા તેની છત ધરાશયી થઈ હતી. જેથી નીચે કામ કરી રહેલા મજૂરો પર છત પડી હતી. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેની અસર આસપાસના ગોડાઉન પર પણ થઈ હતી. અડધા કિલોમીટર સુધી બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ધડાડો સંભળાતા જ લોકોમા નાસભાગ મચી હતી, અને લોકો સ્થળ છોડીને દોડવા લાગ્યા હતા. આ બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે, ગોડાઉનના પત્થરો ચારેતરફ ઉડીને પડ્યા હતા. સમગ્ર વિસ્તારમા પત્થરો ઉડ્યા હતા. તો અન્ય ગોડાઉનની છતના પોપડા પણ ઉખડી ગયા હતા. તો સામેના ગોડાઉનની પાણીની ટાંકી પણ તૂટી પડી હતી. આ ગોડાઉન બટાભાઈ ભરવાડ નામના શખ્સનું હોવાનું સામે આવ્યું છે, તેણે આ ગોડાઉન ભાડે આપ્યું હોવાનું કહેવાય છે. આગને પગલે ફાયર વિભાગ તાત્કાલિક દોડતુ થયું હતું. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. જેમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. મૃતકોમાં નજમુનિયા શેખ, રાગિણી ક્રિશ્યન અને જેક્વેલિન ક્રિશ્ચયન હોવાનું સામે આવ્યુ છે. આ મૃતકો કોણ છે તે હજી જાણવા મળ્યું નથી.

આગમાં કેટલાક લોકો ફસાયાની માહિતી સાંપડી રહી છે. પ્રાથમિક સ્તરે માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ૬ ગાડીઓ ઘટનાસ્થળે રવાના થઈ કરાઈ હતી. પરંતુ ધીમેધીમે ઘટનાએ વિકરાળ સ્વરૂપ લેતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. હાલ આગ પર કાબૂ મેળવવાની કામગીરી ચાલી રહી છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે અમદાવાદમાં પીરાણા પાસે ગણેશનગરમાં આવેલા કાપડના ગોડાઉનમાં લાગેલી આગથી ૯ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. પીરાણા પાસે નાનુકાકા એસ્ટેટમાં ગોડાઉનમાં આગ લાગી છે. સ્થાનિક લોકો દ્વારા આ ઘટનાની મળતી માહિતી મળતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુમાં જોડાયા છે. આ ઘટનામાં એક બ્લાસ્ટ થતા ફેકટરીની છત ધરાશાયી થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઇ કાલે મંગળવારના રોજ અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં આવેલા કાપડના ગોડાઉનમાં પણ આગ લાગી હતી. આ આગ પર કાબુ મેળવવા માટે ૫ ફાયર ફાઈટરને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યાં હતાં. આગની આ ઘટનાને પગલે અનેક લોકોની ભીડ ઘટનાસ્થળે એકત્ર થઈ ગઇ હતી.

### આત્મહત્યા માટે ઉશ્કેરવા મામલે મુંબઈ પોલીસે અર્નબની કરી ધરપકડ

## રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ

મુંબઈ,તા.૪

મુંબઈ પોલીસે ન્યૂઝ ચેનલ રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે. પોલીસે અર્નબની તેમના ઘરેથી ધરપકડ કરી હોવાની માહિતી મળી છે. આ પહેલા અર્નબે પોલીસ પર તેમની સાથે મારઝૂડ કરવાનો આરોપ લગાવ્યો હતો.

હાલ એક મોટા સમાચાર સામે આવ્યા છે. મુંબઈ પોલીસે ૫૩ વર્ષના ઈન્ટીરિયર ડિઝાઈનરને કથિત રીતે આત્મહત્યા માટે ઉશ્કેરવા મામલે ન્યૂઝ ચેનલ રિપબ્લિકના એડિટર ઇન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ પોલીસે અર્નબ ગોસ્વામીની તેમના ઘરેથી ધરપકડ કરી છે. જયારે બીજી તરફ અર્નબે પોલીસ પર તેમની સાથે મારઝૂડ કરવાનો આરોપ લગાવ્યો છે. માહિતી મુજબ રિપબ્લિક ટીવીએ અર્નબ ગોસ્વામીના ઘરના લાઈવ ફુટેજ પણ દેખાડ્યા જેમાં પોલીસ અને અર્નબ વચ્ચે ઝપાઝપી થતા દેખાઈ રહી છે.મુંબઈ પોલીસ પર અર્નબે ગુંડાગીરી કર્યા હોવાનો આરોપ લગાવ્યો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે અર્નબ ગોસ્વામીને તેમના પરિવાર સાથે વાત કરવાની પણ તક ન આપી. ઉપરાંત, દવા આપવાથી પણ રોકવામાં આવ્યા. ત્યાર બાદ અર્નબ ગોસ્વામીને મુંબઈ પોલીસ પોતાની સાથે વાનમાં લઈ ગઈ છે. રિપોર્ટ મુજબ ગોસ્વામીએ મુંબઈ પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યો કે પોલીસે તેમના સાસુ-સસરા, દીકરા અને પત્ની સાથે પણ મારઝૂડ કરી છે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે અર્નબની ધરપકડની ટીકા કરી છે અને મહારાષ્ટ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. કેન્દ્રીય માહિતી પ્રસારણ પ્રધાન જાવડેકરે ટ્વીટ કરી કહ્યું કે,'અમે મહારાષ્ટ્રમાં પ્રેસની આઝાદી પર થયેલ આ હુમલાની ટીકા કરીએ છીએ. આ પ્રેસ સાથે યોગ્ય વર્તન નથી. આ કટોકટીના એવા દિવસોની યાદ અપાવે છે જયારે મીડિયા સાથે આ પ્રકારનો વ્યવહાર કરવામાં આવ્યો હતો.

ગૃહમંત્રી અમિતશાહે એક ટ્વીટ કરીને કહ્યું કે, કોંગ્રેસ અને તેમના સહયોગીઓએ ફરી એક વખત લોકતંત્રને શર્મસાર કરી દીધું છે. રિપબ્લિક ટીવી અને અર્બન ગોસ્વામી વિરુદ્ધ રાજયની શક્તિઓનો ઉપયોગ વ્યક્તિગત સ્વતંત્રતા અને લોકતંત્રના ચોથા સ્તંભ પર પ્રહાર છે. આનાથી અમને ઈન્દિરા ગાંધીના સમયમાં લાગુ કરવામાં આવેલી કટોકટીના દિવસોની યાદ આવી ગઈ છે.

## કુલ સંક્રમિતો ૮૩,૧૩,૮૭૬, કુલ મોત ૧,૨૩,૬૧૧, રિકવરી રેટ ૯૨%



ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૨૫૪ નવા કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ કેસનો આંકડો ૮૩,૧૩,૮૭૭ થઈ ગયો છે. જેમાંથી ૫,૩૩,૭૮૭ લોકો હજુ સારવાર હેઠળ છે. જયારે ૭૬,૫૬,૪૭૮ લોકો સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૫૧૪ લોકોના જીવ ગયા છે. દેશમાં કોરોનાથી થયેલા કુલ મૃત્યુનો આંકડો ૧,૨૩,૬૧૧ પર પહોંચ્યો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧,૨૯,૯૮,૯૫૯ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. જેમાંથી ગઈ કાલે ૩ નવેમ્બરના રોજ ૧૨,૦૯,૬૦૯ સેમ્પલ ટેસ્ટ કરાયા.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૩૩૫૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૬૫૬૪૭૮ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૩૩૭૮૭ સુધી પહોંચ્યો છે.

જયારથી ઠંડીની મોસમની શરૂઆત થઈ છે, ત્યારથી દરેક કોઈ એવુ જાણવા માંગે છે કે, શુ ઠંડીમાં કોરોનાના કેસ વધશે. એક લેટેસ્ટ રિસર્ચમાં આ સવાલનો જવાબ મળ્યો છે. ભારતીય અમેરિકન રિસર્ચર્સના નેતૃત્વમાં કરવામાં આવેલ એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોરોના વાયરસના સંક્રમણમાં તાપમાન કે હ્યુમિડિટીની કોઈ પ્રભાવી ભૂમિકા નથી.

## યુરોપમાં લોકડાઉન લાગુ થતાં લોકોમાં નારાજગી: ઠેર-ઠેર હિંસક દેખાવો

લંડન,તા.૪

કોરોનાની બીજી લહેરના કારણે યુરોપના સંખ્યાબંધ દેશોમાં બીજી વખત લોકડાઉન લાગુ કરાયુ છે. જોકે લોકોને લોકડાઉન સામે નારાજગી છે અને ઠેર ઠેર લોકડાઉનના વિરોધમાં હિંસક દેખાવો શરુ થઈ ગયા છે.

પહેલા તબક્કામાં લોકડાઉનને લોકોએ સમર્થન આપ્યુ હતુ પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે.લોકો પોલીસ સાથે સંઘર્ષમાં ઉતરીને લોકડાઉનનો વિરોધ કરી રહ્યા છે.વિરોધ પાછળનુ મુખ્ય કારણ આર્થિક રીતે પડતી અસરો છે.જે નેતાઓ લોકડાઉનનો વિરોધ કરી રહ્યા છે તેમને હવે લોકો સમર્થન આપી રહ્યા છે.

બ્રિટનમાં રિફોર્મ યુકે પાર્ટીએ એલાન કર્યુ છે કે, હવે પાર્ટીનો મુખ્ય એજન્ડા લોકડાઉનનો વિરોધ કરવાનો રહેશે.લોકડાઉનના કારણે જેટલો લાભ થશે તેના કરતા વધારે નુકસાન થશે.

ઉલ્લેખનીય છે કે, સ્પેન, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, ફ્રાંસ , જર્મની, ઈટાલી, નેધલેન્ડ અને બ્રિટનમાં પૂર્ણ અથવા આંશિક લોકડાઉન લાગુ કરવાયુ છે.જેમાં સૌથી વધારે વિરોધ સ્પેન અને બેલ્જિયમમાં થઈ રહ્યો છે.સ્પેનમાં રાતના સમયે કરફ્યુ પણ લગાવાયો છે.રાજ્યોની સીમાઓ સીલ કરાઈ છે.જોકે એ પછી સ્પેનમાં પ્રતિબંધોના ઉલ્લંઘનની ઘટનાઓ બની રહી છે.કેટલીક જગ્યાએ લૂંટફાટ થઈ છે.મેડ્રિડમાં થયેલી હિંસામાં ૧૨ લોકો ઘાયલ થયા છે.આ સિવાયના શહેરોમાં પણ લોકો રસ્તા પર ઉતર્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૯૭૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૧૭૬૬૦૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૦૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૧૦૨૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૧૬૦૪૭૦**

### વિડિયો કોન્ફરન્સ દ્વારા સભાને સંબોધશે

## વડાપ્રધાન મોદી આજે ગ્લોબલ ફંડ હાઉસ સાથે મંત્રણા કરશે

ન્યુ દિલ્હી,તા.૪

આવતી કાલે ગુરૂવારે પાંચમી નવેંબરે શરૂ થઇ રહેલી ગ્લોબલ ઈન્વેસ્ટર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના અધ્યક્ષપદે વડા પ્રધાન નરેન્દ્ર મોદી બિરાજશે. તેઓ વિડિયો કોન્ફરન્સ દ્વારા આ બેઠકને સંબોધશે.વિશ્વના મોટા મોટા ઈન્વેસ્ટર્સ અને ભારતના ટોચના ઉદ્યોગપતિઓ તેમજ કોર્પોરેટ સેક્ટરના ધુરંધરોને આ પ્રસંગે વરિષ્ઠ નીતિ ઘડનારાઓ સાથે ચર્ચા કરવાની તક મળશે. તેમજ દેશમાં વૈશ્વિક મૂડી રોકાણ વધારવાનાં પગલાં વિશે વિચાર વિનિમય કરવાનો મોકો પણ મળશે. આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સું આયોજન નાણાં મંત્ર્યાલય અને નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ( (એનઆઈઆઈએફ) દ્વારા કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં કેન્દ્રના નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ, નાણાં ખાતાના રાજ્ય પ્રધાન અનુરાગ ઠાકુર, રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ સહિત ટોચના અધિકારીઓ હાજર રહેશે. વિશ્વના ૨૦ સૌથી મોટા પેન્શન અને સરકારી નાણાં સંસ્થાઓ સહભાગી થશે. આ લોકોના સંચાલન હેઠળ છ ટ્રીલીયન અમેરિકી ડૉલર્સ જેટલી અસ્ક્યામતો છે. આ આખોય પ્રસંગ ડિજિટલ લેવલે યોજાશે.

### મંગળવારે ૬૭૨૫ પોઝિટિવ કોરોના કેસ નોંધાયા

## દિલ્હીમાં કોરોના સંક્રમણની ત્રીજી લહેર આવી ચૂકી છે: સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન

ન્યુ દિલ્હી,તા.૪

દેશની રાજધાનીમાં એક વાર ફરી કોરોનાના કેસ વધતા જોવા મળી રહ્યા છે. મંગળવારે અહીં ૬૭૨૫ કેસ આવ્યા હતા. જે બાદ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે દિલ્હીમાં કોરોનાની સંક્રમણની ત્રીજી લહેર આવી હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમણે કહ્યં કે અમે હવે અગ્રેસિવ રીતે ટેસ્ટિંગ કરવાનું શરુ કર્યું છે જે બાદ આંકડા વધતા નજર આવી રહ્ય છે. તેમણે કહ્યું કે આ પહેલા કન્ઝસ્ટડ વિસ્તારમાં ફેલાયેલો હતો. પરંતુ હવે આ અપર ક્લાસમાં પણ આવી ગયો છે. ત્યારે અપર ક્લાસના લોકો ખાનગી હોસ્પિટલો વધારે પસંદ કરી રહ્યા છે. જેના કારણે બેડ ભરાઈ ગયા છે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે કન્ટેન્ટમેન્ટ જોન વધારવામાં આવી રહ્યા છે. ત્યારે જો ૩-૪ કેસ પણ છે તો ત્યાં કન્ટેનમેન્ટ જોન બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે ખાનગી હોસ્પિટલોમાં ૮૦ ટકા બેડ રિઝર્વ કર્યા હતા જેના પર હઈકોર્ટે મનાઈ ફરમાવી છે. હવે અમે સુપ્રીમ કોર્ટ જઈશું. ત્યારે થોડા સમય પહેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને રાજધાનીમાં કોરોનાનો સૌથી ખતરનાક સમય આવવાની શક્યતા વ્યક્ત કરી છે. એક્સપર્ટ કમિટીના હવાલાથી જૈને કહ્યું હતું કે આવનારા દિવસોમાં બહું સાવધાનીની જરુર છે. જોકે સ્વાસ્થ્ય મંત્રીએ વધતા પોઝિટિવિટી રેટ પર કહ્યું કે જે લોકો નિયમોનું પાલન નહીં કરી શકતા તેમને દંડવામાં આવી રહ્યા છે. ઘણી કડકાઈ વર્તી રહ્યા છીએ. પરંતુ ઘણા લોકો એક બીજાને મળી રહ્યા છે. કોઈ પણ પોઝિટિવ આવે છે તો તેના તમામ કોન્ટેક્ટને ટ્રેસ કરવામાં આવે છે.

જે તેના કોન્ટેક્ટમાં છે તે તમામનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. એક પરિવારમાં કોઈ એક પોઝિટિવ આવે તો પુરા પરિવારને ઘરે રાખવામાં આવે છે. તેમના ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં ઘણા લોકો પોઝિટિવ આવી રહ્યા છે. તો તેના કારણે પોઝિટિવિટી રેટ વધી રહ્યો છે. ગ્રુપમાં વધારે પડતા લોકો પોઝિટિવ આવી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# અમેરિકામાં ગન કલ્ચરનો પ્રભાવ: રાષ્ટ્રપતિ પરિણામોને કારણે પ્રજામાં ભયનો માહોલ....!

વિશ્વભરના દેશોમા કોરોનાનો ભય હોવા છતાં તેને ભૂલીને અત્યારના સમયમાં અમેરિકાની ચૂંટણી ઉપર નજર રાખીને બેઠા છે. કારણ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પને મોટો પડકાર બાઈડન બન્યા છે...અને તેમાં પણ તેમના સાથીદાર ઉપર રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝંપલાવનાર કમલા હેરિસ છે કે જેઓનું મૂળ ભારત છે અને તેમનો મોટો પ્રભાવ એશિયનો પર છે જે ટ્રમ્પ માટે તકલીફ રૂપ છે. અને આ સમય દરમ્યાન ટ્રમ્પે એચ-વન બી વિઝા બાબતે જે નિર્ણયો લીધા તે ટ્રમ્પના વિરોધમાં ગયા છે. ભારતના મધ્ય રાત્રીના સમય બાદ ઈલેક્ટોરલ વોટમા બાઈડનને ૨૨૪ મળ્યા છે જ્યારે ટ્રમ્પને ૨૧૩ વોટ મળ્યા છે આ લખાઈ રહ્યું છે ત્યારે બાયડન ટ્રમ્પથી આગળ ચાલી રહ્યા છે અને તેઓએ જીતનો દાવો પણ કર્યો છે. બીજી તરફ અમેરિકાની પ્રજામાં અત્યારે ભય વ્યાપી ગયો છે કારણકે ત્યાં ગન કલ્ચર છે,વ્હાઈટ હાઉસ બહાર ટ્રમ્પના ટેકેદારો અને બાયડનના ટેકેદારો આમને-સામને આવી ગયા છે. જેમાં બાયડનના ટેકેદારોનું કહેવું છે કે ટ્રમ્પ ચૂંટાશે તો વિરોધ ચાલુ રહેશે. જ્યારે બીજી તરફ અમેરિકામાં આવેલ મોટા મોલ્સ,સ્ટોર્સ વગેરે પોતાના બિલ્ડીંગ ફરતે સુરક્ષા માટેના તમામ પ્રકારનાં ઉપકરણો ફિટ કરી દીધા છે તેમજ કરી રહ્યા છે. બીજી તરફ વ્હાઈટ હાઉસ ફરતે સુરક્ષા માટેની લોખંડની જાળીઓ ફીટ કરી દેવામાં આવી છે. તે કારણે ત્યાંના લોકોમાં ડર વધુ છે. કેમ કે ટ્રમ્પ કે બાયડન જે પણ ચૂટાઈ આવે પરંતુ અહીં તોફાનો-લૂટફાટ થશે.... ત્યારે નોંધવું જરૂરી છે કે અમેરિકાની વસ્તી ૩૫ કરોડ જેટલી છે અને ૩૮ કરોડ ×ગન× લોકો પાસે છે. મતલબ ગનનું સામ્રાજ્ય છે.... તેમ કહીએ તો ખોટું નથી.....! એટલે જે પણ પરિણામો આવે તેની અસર સમગ્ર વિશ્વ પર પડશે તે નિશ્ચિત છે......!

ભારતમાં લોકોની નજર

બિહાર રાજ્યની ચૂંટણીઓ, મધ્ય પ્રદેશ અને ગુજરાતની પેટા ચૂંટણીઓ ઉપર જામી પડી છે.... કારણ કે બિહારમાં જેડીયુ ભાજપની ગઠબંધન સરકાર,મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ છોડી ભાજપમાં ૧૮ ધારાસભ્યો જોડાઈ ગયા....તેઓને કારણે ભાજપની સરકાર બની. ત્યારે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી સમયમાં કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાંથી રાજીનામા આપી દીધા અને ભાજપમાં જોડાઈ ગયા. આમ ભાજપમાં જોડાઈ ગયેલા કોંગ્રેસના ધારાસભ્યોને મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ભાજપે ટિકિટ આપી.એટલે ભાજપ ઉમેદવાર ઉપર લોકોની વિશેષ નજર છે. મધ્યપ્રદેશ- ગુજરાતમાં મૂળ મુદ્દો કોંગ્રેસ તથા મતદારો સાથે ઉમેદવારોએ કરેલી દગાખોરી કરીને રાજીનામા આપીને ફરી ભાજપના ઉમેદવાર બન્યા તે તો છે જ પરંતુ આ બંને રાજ્યોમાં કોંગ્રેસે સ્થાનિક લોકો પ્રશ્નને મહત્વ આપી પ્રચાર કર્યો છે જેથી લોકોની લાગણી તેની સાથે જોડાયેલી દેખાય છે......! તો બિહાર, મધ્યપ્રદેશ, ગુજરાતની ચૂંટણીઓમાં મોંઘવારી, બેરોજગારી, નવી નોકરીઓ મળતી નથી, તેમજ માલેતુજારોને લોન માફી, લોન વ્યાજમાફી ઉપરાત લોન સહાય સામે નાના અને મધ્યમ ઉદ્યોગોને તેમજ મધ્યમ, ગરીબ અને મજુર વર્ગને કે ખેડૂતોને કોઈ આર્થિક સહાય નહીં. ઉપરાંત ખેડૂત બીલ, તથા ડુંગળીના ભાવો સરકાર માટે તકલીફ થશે. મતલબ ભાજપને નુકસાન કરે તેવી સ્થિતિ ઉદભવી છે. જોકે આગામી ૧૦ ઓકટોબરે તમામ લેખા- જોખા .....મતદારોનુ વિધાતાપણુ કઈ તરફ રહ્યુ તે સ્પષ્ટ થઈ જશે.....! વંદે માતરમ્.

# પાપનો ઘડો ફૂટ્યા વિના ન રહે !

મહારાષ્ટ્રના અલીબાગ પોલીસે ૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ સવારે 'સ્વઘોષિત રાષ્ટ્રવાદી પત્રાકાર' અર્ણબ ગોસ્વામીને ઘરમાંથી ઊંચકીને એરેસ્ટ કરી લીધો છે ! એની આબરુ ધૂળધાણી થઈ ગઈ છે ! અર્ણબ રીપબ્લિક ટીવીનો મુખ્ય સંપાદક છે. રીપબ્લિક ટીવી હિન્દુ-મુસ્લિમ વચ્ચે નફરત ફેલાવવાનું મુખ્ય કામ કરે છે; સત્તાપક્ષની માનીતી ટીવી ચેનલ છે. તે પત્રકારત્વ નહીં; પરંતુ સત્તાપક્ષનો એજન્ડા ચલાવવાનું જ કામ કરે છે. મહારાષ્ટ્રના CM માટે 'એય ઉધ્ધવ ઠાકરે !' એવી અભદ્ર/ વિવેકહીન ભાષામાં અર્ણબ પોતાની ચેનલમાં બૂમ બરાડા પાડતો હતો, ત્યારે એ ભૂલી ગયો કે પોતાના ગંદા કપડાં છે ! એને વહેમ હતો કે કેન્દ્રની સરકાર બચાવી લેશે ! પરંતુ પાપનો ઘડો ભરાઈ ગયો હતો !

પોલીસે શામાટે અર્ણબને એરેસ્ટ કર્યો? મે-૨૦૧૮ માં ઈન્ટિરિયર ડીઝાઈનર અન્વય નાઈકચપરૃ અને તેની માતા કુમુદ નાઈકે આત્મહત્યા કરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી સ્યુસાઈડનોટ મળી હતી. તેમાં લખેલ કે 'અર્ણબ ગોસ્વામી અને બીજા બે ઈસમોએ ટીવી સ્ટુડિયો માટે ફર્નિચરનું કામ કરાવેલ પરંતુ પોતાને ૫.૪૦ કરોડ ચૂકવ્યા ન હતા; તેથી આર્થિક સ્થિતિ બગડતા મજબૂરીમાં આત્મહત્યાનું પગલું ભરેલ છે !' આ તો ડાઈંગ ડેક્લેરેશન કહેવાય ! જે તે વખતે જ તેને એરેસ્ટ કરવો જોઈતો હતો પરંતુ તે વખતે તત્કાલીન સરકારે તેને બચાવી લીધો હતો. અર્ણબને લાગ્યું કે નાઈકની આત્મહત્યાનો કેસ દબાઈ ચૂક્યો છે. સુશાંતસિંહ રાજપૂતની આત્મહત્યાને મર્ડરમાં તબદિલ કરવા આવેશમાં આવીને અર્ણબ 'એય ઠાકરે' જેવી તુમાખી કરી બેઠો ! મહારાષ્ટ્રની પોલીસ તો તૈયાર જ હતી. અર્ણબને IPC કલમ-૩૦૬ હેઠળ, Abetment of Suicidl માટે જેલમાં જવાનો વારો આવ્યો ! સત્તાપક્ષ અર્ણબની તરફેણમાં કૂદી પડ્યો છે અને કહ્યું કે 'આ તો અભિવ્યક્તિની આઝાદી ઉપર હુમલો છે; રાષ્ટ્રવાદી પત્રકારિતા પર હુમલો છે !' અર્ણબે કહ્યું કે 'પોલીસે પોતાની સાથે જોર-જબરજસ્તી કરેલ છે !' સત્તાપક્ષને કે અર્ણબને અન્વય નાઈક અને કુમુદ નાઈકની આત્મહત્યા દેખાતી નથી ! ૫.૪૦ કરોડનો વિશ્વાસઘાત દેખાતો નથી ! કરે તેવું પામે; વાવે તેવું લણે; ખાડો ખોદે તે પડે; હાથના કર્યા હૈયે વાગે; પાપનો ઘડો ફૂટ્યા વિના ન રહે વગેરે કહેવતો હવે અર્ણબ ગોસ્વામીને સમજાઈ ગઈ હશે ! કોપી #WellDoneMumbaiPolice

### ઔર કિતની હિંદુ બહને લવ-જેહાદ કી બલી ચઢેગી ? આ વિષય પર પરિસંવાદ

# બૉલીવુડે નિરંતર 'હિંદુફોબિયા' અને 'લવ-જેહાદ'ને પ્રોત્સાહન આપ્યું ! - બૉલીવુડ અભિનેત્રી પાયલ રોહતગીનું સજ્જડ વક્તવ્ય




બૉલીવુડમાં એકબીજાને 'ઈન્શાઅલ્લાહ' આ પ્રમાણે છડેચોક કહેવામાં આવે છે; પણ 'જય શ્રીરામ' કહેવાતું હોવાનું મેં સાંભળ્યું નથી.બૉલીવુડમાં ખાન લોકોએ હિંદુ મહિલાઓ સાથે લગ્ન કરીને પરોક્ષ રીતે 'લવ-જેહાદ'ને જ પ્રોત્સાહન આપ્યું છે. 'તનિષ્ક' અને 'સર્ફ એક્સેલ' જેવી જાહેરખબરો 'લવ-જેહાદ'નાં ઉદાહરણો છે. 'લવ-જેહાદ' વિશે બોલવું જ જોઈએ. હિંદુ જનજાગૃતિ સમિતિના કાર્યક્રમ દ્વારા હિંદુઓને એક સારું વ્યાસપીઠ મળ્યું છે. નસિરુદ્દીન શાહ જેવા લોકો 'પાકિસ્તાનમાં રહેવું સારું લાગે છે', એવું કહે છે. આ લોકો માટે હિંદુઓની થતી હત્યાઓનું કાંઈ મૂલ્ય નથી. આ લોકોની આ સંકુચિત માનસિકતા ઉજાગર કરવી જ જોઈએ. બોલીવુડમાંના હિંદુઓને તેમના ધર્મ વિશે અભિમાન લાગતું નથી. બોલીવુડે નિરંતર 'હિંદુફોબિયા' અને 'લવ-જેહાદ'ને પ્રોત્સાહન આપ્યું છે, એવું જડબેસલાક પ્રતિપાદન હિંદી સિનેજગતનાં અભિનેત્રી પાયલ રોહતગીએ કર્યું. 'લવ-જેહાદ'ને કારણે હરિયાણાનાં નિકિતા તોમરની હત્યા થઈ હોવાના નિમિત્તે હિંદુ જનજાગૃતિ સમિતિએ '....ઔર કિતની હિંદુ બહને લવ-જેહાદ કી બલી ચઢેગી ?' આ વિષય પર વિશેષ સંવાદ આયોજિત કર્યો હતો. તેમાં તેઓ બોલી રહ્યા હતા. આ કાર્યક્રમ ફેસબુક અને યુ-ટ્યૂબના માધ્યમો દ્વારા ૩૨,૦૮૪ લોકોએ પ્રત્યક્ષ નિહાળ્યો, જ્યારે ૬૫,૯૯૦ લોકો સુધી પહોંચ્યો.

આ સમયે હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કહ્યું કે, હિંદુ યુવતી મુસલમાન યુવકના પ્રેમમાં પડે, તો ચાલે છે. તો પછી 'રાહુલ રાજપૂત' આ હિંદુ યુવક એકાદ મુસલમાન યુવતી પર પ્રેમ કરતો હોય, તો તેને મારી નાખવામાં શા માટે આવે છે ? ત્યારે તમારો 'સેક્યુલરવાદ' ક્યાં જાય છે ? જો કરિના કપૂર સૈફ અલી ખાન સાથે લગ્ન કરી શકે, તો 'તૈમૂર'નો જ જન્મ થાય. હિંદુઓને જો છત્રપતિ શિવાજી મહારાજ જોઈતા હોય, તો તેમને જન્મ આપનારાં જિજામાતા સિદ્ધ થવા જોઈએ. નિકિતા તોમરને ન્યાય આપવા માટે સર્વ હિંદુઓએ એકત્ર આવવું જોઈએ. 'લવ-જેહાદ' રોકવા માટે દેશમાં 'નિકિતા કાયદો' થવો જોઈએ. કેરળ ખાતેની આર્ષ વિદ્યા સમાજમ્નાં કુ. શ્રુતી ઓ. એ, 'કેરળ ખાતે લવ-જેહાદની જાણકારી ધરાવનારા ૪ હજારથી વધુ પ્રકરણો છે. 'લવ-જેહાદ'માં ફસાયેલી છોકરીઓને અમે એક પાઠ્યક્રમ દ્વારા ધર્મશિક્ષણ આપીને પાછી લાવ્યા છીએ. ધર્મશિક્ષણ જ છોકરીઓને 'લવ-જેહાદ' સામે બચાવી શકે છે' એમ કહ્યું. 'હિંદુ હેલ્પલાઈન'ના પ્રાંત મહામંત્રી શ્રી. બિનીલ સોમસુંદરમ્એ કહ્યું કે, 'લવ-જેહાદ' આ આતંકવાદીઓ દ્વારા પોસવામાં આવી રહેલી કાર્યપ્રણાલી છે. તેમાં 'પૉપ્યુલર ફ્રંટ ઑફ ઈંડિયા' જેવી સંગઠનો કાર્યરત છે. કેરળ ઉચ્ચ ન્યાયાલયે 'લવ-જેહાદ' દ્વારા ધર્માંતર રોકવા માટે કાયદાની આવશ્યકતા હોવાનું પ્રતિપાદન કર્યું છે. દેહલી ઉચ્ચ ન્યાયાલયનાં ધારાશાસ્ત્રી અમિતા સચદેવાએ કહ્યું, 'મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ'ને કારણે ધર્માંધોને છૂટ આપવામાં આવી છે. તેથી 'લવ-જેહાદ' કરતી વેળાએ તેમના મનમાં કાયદાનો ડર નથી. દેહલી ખાતેનાં હિંદુ જનજાગૃતિ સમિતિનાં 'રણરાગિણી' શાખાનાં પ્રવક્તા પ્રા. (સૌ.) સંદીપ કૌર મુંજાલે કહ્યું કે, ૩૦ વર્ષથી હું પ્રાધ્યાપિકા છું. ધર્માંધ છોકરાઓ 'લવ-જેહાદ' માટે પ્રયત્નશીલ હોય છે; પણ હિંદુ વાલીઓને 'લવ-જેહાદ' વિશે જાણકારી હોતી નથી. તેથી તેમનું ફાવે છે.

# માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બહાર આવેલી કોર્ટોમાં ૨૪ નવેમ્બરથી ફિઝિકલ સુનાવણી શરૂ થશે

અમદાવાદ,તા.૪

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત શહેરો સિવાય અને અન્ય શહેરોમાં માઈક્રો કન્ટેમનમેન્ટ વિસ્તાર બહાર આવેલી કોર્ટમાં કોરોનાથી બચાવની તમામ ગાઈડલાઈનનું પાલન કરી ૨૩મી નવેમ્બરથી ફિઝિકલ સુનાવણી શરૂ કરવાનો ગુજરાત હાઈકોર્ટે નિર્દેશ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટનો રજીસ્ટ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ૨૩મી નવેમ્બરથી રાજ્યના ૪ મહાનગર અને માઈક્રો કન્ટનમેન્ટ વિસ્તાર બહાર આવેલી કોર્ટમાં ફિઝિકલ સુનાવણી શરૂ કરી શકાશે. હાલ સવારે ૧૦.૪૫ થી સાંજના ૪ વાગ્યે સુધી જ ફિઝિકલ સુનાવણી કરી શકાશે.

દરેક કોર્ટમાં કોવિડ-૧૯ અધિકારીની નિમણુંક કરવું અનિવાર્ય રહેશે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની તાલુકા કોર્ટમાં ગુજરાત હાઈકોર્ટના અગાઉના પરિપત્ર પ્રમાણે સુનાવણી હાથ ધરવામાં આવશે. માસ્ક પહેર્યા વગર કોઈપણ વકીલ કે સ્ટાફના લોકોને કોર્ટમાં હાજરી આપવામાં આવશે નહિ. કોર્ટમાં પ્રવેશવાના માર્ગ પર તમામને ફરજિયાત પ્રમાણે થર્મલ સ્ક્રીનિંગથી શરીરનું તાપમાન ચેક કરાવવાનું રહેશે. કોર્ટ રૂમ, બેઠકો, ડાયસ વગેરે, કેસ વિન્ડો તમામને સંપૂર્ણ સેનેટાઈઝ કરવાની રહેશે. તમામ જ્યુડિશિયલ અધિકારી, વકીલ અને સ્ટાફના લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવું ફરજીયાત રહેશે.

કોર્ટ પરિસરમાં આવેલા એટીએમને બંધ રાખવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના પરિપત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે પ્રિન્સિપાલ જજ પીડબલ્યુડી અને માર્ગ – મકાન વિભાગને જ્યુડિશિયલ અધિકારી અને વકીલોને બેસવા વચ્ચે પ્લેક્સી ગ્લાસ લગાડવાનો આદેશ કર્યો છે. આજ રીતે કોર્ટના વહીવટી વિભાગમાં પણ પ્લેક્સી ગ્લાસ લગાડવામાં આવે જેથી સોશ્યલ ડિસ્ટનસિંગની જાળવણી થાય. અરજદારને જરૂર વગર કોર્ટ પરિસરમાં હાજર ન થવાનો હુકમ કરવામાં આવ્યો છે. કેન્ટીનમાં પણ ચા, કોફી અને પાણીની જ સુવિધા અપાશે.

# રૂપાણી સરકાર ટુ-વ્હિલરની ખરીદી પર આપશે ૧૨ હજારની સબસીડી

અમદાવાદ,તા.૪

રાજ્યના વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગને પ્રેરિત કરતી સહાય યોજના સીએમ રૂપાણીએ જાહેર કરી છે. આ સહાય યોજના અન્વયે રાજ્યના ધોરણ-૯થી લઈને કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા સરકાર ૧૨૦૦૦ રૂપિયાની સહાય આપશે. આ સહાય ૧૦,૦૦૦ વાહનોને આપવાનો લક્ષ્યાંક છે. રાજ્યના વિવિધ નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતું વાયુ પ્રદૂષણ અટકાવવા ઈલેકટ્રીક વાહનોના ઉપયોગ કરનારાઓને રૂા. ૧૨૦૦૦ની સહાય આપવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ જાહેરાત કરી હતી. અગાઉ બેટરી સંચાલિત ટૂ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ માટે સહાય યોજના જાહેર કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે,

ઈલેકટ્રીક ટૂ-વ્હીલર ખરીદવા વિદ્યાર્થીઓને રૂ. ૧૨ હજારની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ વધુ પ્રમાણમાં લોકો કરતાં થાય તે માટે ઉપરોક્ત યોજના જાહેર કરવામાં આવી છે. ગુજરાત રાજ્યની શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી. વિદ્યાર્થી દીઠ ફક્ત એક જ અરજી કરવાની રહેશે.

જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઈટ geda.gujarat.gov.in. બોનાફાઈડ સર્ટીફિકેટ, (વર્ષ ૨૦૨૦-૨૧) મૂળ અથવા સ્કેન કરેલી નકલ અથવા સ્વ. પ્રમાણિત કરેલ અગાઉના વર્ષની માર્કશીટની નકલ, ૨). સ્વ-પ્રમાણિત કરેલ વિદ્યાર્થીના આધાર કાર્ડની નકલ, ૩) વિદ્યાર્થીનું સક્ષમ અધિકારીએ આપેલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ, ગરીબ, અતિગરીબ, બિન અનામત વર્ગના આર્થિક પછાત સંબંધિત પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) ૪). ડ્રાઈવીંગ લાસન્સની સ્વ.પ્રમાણિત નકલ (ફક્ત બેટરી સંચાલિત હાઈ સ્પીડ વાહનો માટે)

અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ, જેડા કચેરીમાં જમા કરાવવાનું રહેશે. આગળના વર્ષમાં મેળવેલ પરીક્ષાનું ગુણાંક, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, દિવ્યાંગ, સામાજીક આર્થિક મોજણી અંતર્ગત જાહેર કરેલા ગરીબ, અતિગરીબ તથા બિન અનામત વર્ગના આર્થિક પછાત વિદ્યાર્થીઓ.

**અમદાવાદમાં થયેલી આગ દુર્ઘટનામાં જાન ગુમાવનારા કમનસીબ વ્યક્તિઓ પ્રત્યે મુખ્યમંત્રીશ્રીએ વિજયભાઇ રૂપાણીએ સંવેદના વ્યક્ત કરી**

**આ આગ દુર્ઘટનાની તપાસ માટે તાત્કાલિક બે ઉચ્ચ અધિકારીઓને જવાબદારી સોંપતા મુખ્યમંત્રીશ્રી**

**શ્રમ રોજગારના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા અને જી.પી.સી.બી.ના ચેરમેનશ્રી સંજીવકુમાર આગ દુર્ઘટનાની તપાસ કરશે.**

**દુર્ઘટનામાં જાન ગુમાવનારા પ્રત્યેક મૃતકના વારસદારને રૂપિયા ૪ લાખની સહાય આપવાની મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની જાહેરાત**

# ખેતીની જમીનના અને બિનખેતીની જમીનના વેચાણનું વિરાટ કૌભાંડ

ખેડે તેની જમીન× અને ગણોત અધિનિયમ પ્રમાણે ખેડુતને જમીનના ભોગવટો અને કબ્જેદારનો હકક મળે છે કોઇ ખેડુતને જમીનની સ્વતંત્ર માલીકી હકક મળતો નથી,

ખેડુતો જમીન વેચાણના દસ્તાવેજમાં જમીનની જગ્યા, દિશાઓ, ક્ષેત્રફળ અને ખરીદ વેચાણના રૂપિયાની રકમ લખીને સ્ટેમ્પ પેપર ઉપર દસ્તાવેજ કરી, નોંધણી શુલ્ક ભરીને ( કુલ ૫,૯%) જમીન ખરીદ વેચાણ કરે છે,

ખેડુત માલીક નથી તો ૫,૯ % સિવાયની ૯૪% રકમના રૂપિયા ખેડુતને મેળવવાનો વગર માલીકીએ હકક અધિકાર કેવી રીતે અને ક્યાં કાયદાથી મળેલો છે ? ૯૪% રૂપિયા કબ્જા હકક વેચીને મેળવે છે તો ઈક્રટેકસ અને વેચાણ વેરો, જી.એસ.ટી. પણ લાગતો નથી, આ બધુ ક્યાં કાયદા મુજબ એ ખેડુત ખાતેદારોને હકક મળેલા છે, ખાતેદારને વિશેષ સ્પેશિયલ નાગરીકતા શા માટે મળી છે ? આ કેવા કાયદાઓ છે કે ભારત સરકારની જમીનના ખાતેદારને વિશેષ અધિકારો મળ્યા છે.

કોણ એની માંના પેટમાંથી જમીન લઈને આવેલા નાગરીક છે ? બીજાને જમીન કેમ ના મળે ? બંધારણમાંથી ૩૭૦ ની કલમ રદ થતી હોય તો ગણોતધારા સહિત જમીનને લગતા બધા કાયદાઓ રદ કરી તમામ જમીનો શ્રીસરકાર કરવી જોઇએ, અથવા બધા નાગરીકોને ખેડુત બનવાનો અધિકાર મળવો જોઇએ

ખેતીની અથવા બિનખેતીની જમીનની માલીકી કોઈપણ ખેડુત કે નાગરીકની નથી, જમીનની માલીકી આપતો કોઇ કાયદો અસ્તિત્વમાં હોય તેવું કોઇની જાણમાં છે ?

જમીનના કબ્જેદાર ભોગવટેદાર નાગરીક કબ્જા અને ભોગવટાનો અધિકાર ધારણ કરેલ છે જમીનની માલીકી ભારત સરકારની છે અને વહિવટી જવાબદારી રાજય સરકારની છે

માલીકી હકક ના હોવા છતાં જમીનના કબ્જેદારો જમીન મનસ્વી રીતે ખરીદ વેચાણ કરીને નાણાં મેળવવાનો હકક ભારતના કયાં અધિનિયમમાં અથવા બંધારણના કયા અનુચ્છેદમાં આપેલ છે.

જમીન ભોગવવી ના હોય, કબ્જો રાખવો ના હોય તો જમીન મુળ માલીક સરકારશ્રીને પરત કરવાને બદલે જમીનદાર બીજાને જમીનદાર કે બીનખેતી કરાવીને અન્ય વેચી રૂપીયા કમાય શકે છે એ કયાં કાયદામાં જોગવાઇ છે

જમીન મહેસુલ અધિનિયમ અને ગણોત અધિનિયમ પ્રમાણે તમામ રીતે તપાસીએ તો કોઇપણ ખેડુત કે જમીન ધારણ કરેલ નાગરીક જમીન વેચીને તેના રૂપિયા કમાવાનો અધિકાર ધરાવતો નથી,

ભારત રાજયસંઘની તમામ જમીનો રજવાડાઓ, રાજા મહારાજાઓએ, નવાબોએ સ્વતંત્ર ભારતની એકતા માટે દાન આપેલી છે ભારતની જમીનો કોઇ વ્યક્તિગત નાગરીક માલીક બની શકે નહી, ગણોત સિવાયના બીજા અનેક અધિનિયમોથી ખેતીની જમીનો પડાવી લેવામાં આવે અને છેવટે એ જમીનો ગણોત ખાતેદારને મળે છે તો ગણોત ખાતેદારોને વિશેષ ક્યો અધિકાર મળેલ છે, મહેસુલના કાયદાઓ અંગ્રેજ સમયના છે, બધાની ખેડુત ખાતેદારી નાબુદ થવી જોઇએ, કારણ કે બીજા નાગરીકોને ખેતી કરવાનો સમાનતાથી હકક અધિકાર મળેલ નથી, જે પોતે ખેતી નથી કરતાં તે જમીન ધારણ કરી શકે નહી એવો કાયદો ના થાય તો ખેડે તેની જમીન અને કબ્જો કરે તેની મિલ્કત જેવી હાલની સ્થિતિ બનતી જાય છે,

જો રાજા રજવાડાઓની દાન આપેલી સાર્વભૌમત્વની જમીનો જમીનદારો દસ્તાવેજથી ખરીદ વેચાણ કરીને માલીકી રૂએ તેની કિંમતના રૂપીયાના માલીક બની શકતા હોય તો તમામ જમીનો ભારતના રાજા રજવાડાઓના લાખો વારસદારોને પરત કરવી જોઇએ..

પ્રાંત અધિકારીની મંજુરીથી જમીનનું હસ્તાતરણ કરવાની જોગવાઇ છે પણ ખરીદ- વેચાણ દસ્તાવેજ કરીને જમીનો વેચી રૂપીયા કમાવાની જમીનદારોને ક્યાં કાયદાથી અધિકાર મળેલ છે એ વકિલો, મહેસુલ અધિકારીઓ, જમીનને લગતા કાયદાઓના જાણકારોએ જાહેર જવાબ આપી જણાવવા જાહેર અપીલ છે.

ભારતની સમૃદ્ધિ અને સમતોલ વિકાસ માટે, ભારતની અર્થ ઉત્પાર્જન વ્યવસ્થાનું વર્ગીકરણ અને વિભાજન આવશ્યક

ભારતનું મુળ ઉત્પાર્જનનો આધાર કૃષિ (ખેતી) પશુપાલન, ઉદ્યોગ, વિતરણ, અને વપરાશ વેચાણ ઉપર આધારિત છે,

ભારતમાં આજે પણ ૧૯૫૧ પહેલાના જુના કાયદાઓ અને અધિનિયમો લાગુ પડેલા છે એક તરફ લોકશાહી છે પણ કાયદાઓ સરમુખત્યારશાહીના છે જેના કારણે નાગરીકોનું અસમાન વિભાજન થયેલુ છે,

એક સૌથી વિકટ ગંભીર સમસ્યા ખેડુત અને કૃષિ અધિકારોની છે, દરેક નાગરીક ખેતી કરવાનો અધિકાર ધરાવતો નથી, દરેક નાગરીક ખેડુત બની કૃષિ ઉત્પાર્જન મેળવી શકતો નથી,

બીજી તરફ ખેડુત નાગરીક ઉદ્યોગ કરી શકે છે, વેપાર કરી શકે છે, સરકારી રાજયસેવક નોકરી મેળવી શકે છે, અને ખેડુત નાગરીક ઉદ્યોગ, વેપાર, નોકરી દ્વારા મળતી આવકમાંથી ફરી વધુ કૃષિ જમીનોના ભોગવટા કબ્જા અધિકાર મેળવી વધુને વધુ ખેત જમીનનો માલીક બની શકે છે, આ ખેડુત નાગરીકને બંધારણના સમાનતાના અધિકારનો ભંગ કરીને વિશેષ નાગરીક હકક મળ્યો છે,

ઉદ્યોગપતિ, વેપારી, નોકરીયાત ખેડુત નાગરીક ના હોય તો કૃષિ જમીન મેળવી શકતો નથી કે કૃષિ ઉત્પાર્જન કરી શકતો નથી,

આ રીતે જે નાગરીકોને 'ખેડુત' તરીકેનો વિશેષ અધિકાર મળેલો છે તે બંધારણની વિરુદ્ધનો અધિકાર બની રહ્યો છે,

આથી ભારતની અર્થવ્યવસ્થાને સમતોલ કરવા અર્થ ઉત્પાર્જનના માધ્યમોનું સંમાતર વિભાજન કરવુ પડશે,

(૧) કૃષિ નાગરીકતા (૨) ઉદ્યોગ નાગરીકતા (૩) વિતરણ નાગરીકતા (૪) વેચાણ નાગરીકતા (૫) નોકરીયાત નાગરીકતા (૬) નિવૃતી નાગરીકતા,

(૧) જે નાગરીક ખેડૂત હોય તેને બાકીની નાગરીકતાનો બાધ હોવો જોઇએ, એ ફકત ખેતી કરી શકે પરતું અન્ય ઉત્પાર્જન નહી કરી શકે,

(૨) જે નાગરીક ઉદ્યોગ ધરાવતા હોય તે એકમાત્ર ઉત્પાદન કરી શકે પણ કૃષિ, વિતરણ, વેચાણ કે નોકરી ના કરી શકે,

(૩) વિતરક નાગરીક કૃષિ, ઉદ્યોગ, વેચાણ, નોકરી ના કરી શકે,

(૪) વેચાણદાર (રીટેઇલર) નાગરીકતા, ઉદ્યોગ ઉત્પાદન, કૃષિ, વિતરણ, નોકરી ના કરી શકે,

(૫) સરકારી નોકરીયાત અને ખાનગી નોકરીયાત.., આ નાગરીકો ફકત નોકરી કરી શકે અને અન્ય ઉત્પાર્જનો નહી કરી શકે,

(૬) નિવૃત નાગરીકતા.. અમુક વય મર્યાદા બાદ નાગરીકને કૃષિ, ઉદ્યોગ, વેપાર, વેચાણ, નોકરીથી નિવૃત થવુ જોઇએ જેથી ઉતરોતર નવી પેઢીના નાગરીકોને ઉત્પાર્જનની પુરતી તક મળે, નિવૃત નાગરીકોનું પોષણ સરકાર તરફથી નિશ્ચિત હોવુ જોઇએ,

આ ઉત્પાર્જન માધ્યમોના સંમાતર વિભાજનથી દેશના દરેક પરીવારને, દરેક નાગરીકને નિર્વાહ ઉત્પાર્જનની પુરતી તક મળી શકે છે,

ભારતમાં હાલ ૧૨-૧૫ % લોકો સમૃદ્ધિ ભોગવે છે એ બધા ખરેખર કોઇ પરીશ્રમ કે મહેનત કરતા નથી, ફકત કાયદાઓની ખામીઓ અને બુદ્ધિ ચાતુર્યથી કરોડો નાગરીકોનું શોષણ કરે છે જેના કારણે દેશમાં શ્રીમંત, મધ્યમ અને ગરીબ તથા ભિક્ષુક, અપરાધીક એમ ચાર પ્રકારના અસમાન અધિકારો ધરાવતા નાગરીકો છે.

સમાનતા અધિકારો વિના સમતોલ વિકાસ શકય નથી, લાખો વિદ્યાપીઠો વિદ્યાલયો ઉચ્ચ શિક્ષણ આપે છે છતાં દેશની સરકારો દિવાની અને ફોજદારી અપરાધીઓ ચલાવે છે. ભારતની બેહાલી, અનિયમિતતા દુર કરવા ઉત્પાર્જન માધ્યમોના નાગરીક અધિકારોમાં સંમાતર વિભાજન એક માત્ર ભારતની અર્થ વ્યવસ્થાનો સચોટ ઉકેલ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

## NOG SS No :001

વિભાગ : પદ્ય
શીર્ષક
દિવાળી ૨૦૨૦ ફટાકડા ને આરામ
ખૂબ જ નમ્ર વિનંતીપ

મિત્રો, કોરોના પીડિતોને શ્વાસ લેવામાં સૌથી વધુ તકલીફ થાય છે. તે મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે અને કોરોનાથી સાજા થનારા પણ સંપૂર્ણ રીતે સામાન્ય થવા માટે ઘણો સમય લે છે. હવે દરેક જગ્યાએ કોરોના પીડિતોની સંખ્યા વધુ છે, તેથી, આપણે શપથ લેવા જોઈએ કે આ વર્ષે કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને, અમે અને અમારું સંપૂર્ણ પરિવાર દીપાવલી પર ફટાકડા ફોડીશું નહી.અને ફટાકડાથી દૂર રહેવા માટે, તમારા વિસ્તારના દરેકને સમજાવવાનો પ્રયત્ન કરશો. આ રોગચાળો માં, આ ઝેરી ગેસ ઘરની આસપાસ કોરન્ટાઇલમાં રહેતા દર્દીઓ માટે ખૂબ જ જીવલેણ સાબિત થશે.
આ ઝેરી ધૂમ્રપાનને કારણે આપ સૌએ પણ આપણા અન્ય ભાઈ બહેનો,ના જીવનમાં કોઈ જોખમ ના થાય તેવો પ્રયાસ કરવો જોઈએ આ પગલું આપણા પોતાના પાડોશી, ગામ અને શહેર માટે એક મહાન ઉદાહરણ બની હશે.
વરિષ્ઠ ડોકટરોના અહેવાલ મુજબ ફટાકડાનો ધુમાડો કોરોના સમયગાળા દરમિયાન દરેકને માટે જીવલેણ છે.
દીપાવલી પર, આપણે ફટાકડાઓના ઝેરી ધુમાડાને શહેરમાં ફેલાવો ના જોઈએ.તેનાથીશહેરને બચાવવું પડશે અને સંઘર્ષ કરી રહેલા અથવા કોરોનાથી પીડિત દર્દીઓને બચાવવા માટે. આપ સૌને વિનંતી છે કે જાહેર જાગૃતિ રૂપે તમારા પોતાના સંસ્થાઓ, નજીકના પરિચિતો, તમારી પોતાની સોસાયટી, ફટાકડા ખરીદશો નહી.ફોડશો નહી, ફોડવા દેશો નહી.
પ્રદીપ રાવલ પરિવાર..નયના રાવલ

-----------------------------------------------

## NOG NO/02

"વોભી કયા દિન થે..."
દિવાળી એટલે હર્ષોલ્લાસ, નવચેતના અને રોશનીનો તહેવાર. આપણાં દેશનો મહાપર્વ એટલે દિવાળી. આજે મને એક સવાલ થાય છે કે શું આ મહાપર્વ રહ્યો છે ખરો? સમયની થપાટ આપણાં તહેવારોને લાગી છે.આજે તો દિવાળી આવી શું ને ગઈ શું? કોઈનાં મુખ પર હર્ષોલ્લાસ દેખાય છે ?
આના માટે જવાબદાર પણ આપણે પોતે જ છીએ.આજે માણસોની જીજીવિષા એટલી તો વધી ગઈ છે કદાચિત એટલે પહેલાં જેવી મજા હવે રહી નથી.પહેલાં ભલે આજની જેમ ફ્લેટ નહોતાં. બધાં સીંગલ કે ડબલ રૂમનાં માળામાં રહેતાં. ( મુંબઈમાં)
માણસોના ઘર ભલે નાના હતાં પણ મન મોટાં. મિત્રો,એ વખતે મને બરાબર યાદ છે.શરદ પૂનમ જાય એટલે બધાં જ લોકોમાં જાણે શકિતનો સંચાર થઈ જતો.પહેલાં તો ઘરની સફાઈમાં લાગી જતાં. ત્યારે આજની જેમ મોર્ડન કિચન નહોતા. અભરાઈઓ હોય એમાં તાંબાં,પિત્તળ અને એલ્યુમિનિયમનાં વાસણોની કતાર લાગી હોય,એને તાર અને લાઈફબોય સાબુથી અને તાંબાનાં અને પિત્તળનાં વાસણ માટે પિતાંબરી નહોતી એને લીંબુ અને આંબલીથી ચમકાવતાં અને પાછાં પાડોશીને જોવા પણ બોલાવતાં.
હવે વારો નાસ્તાનો. ત્યારે આજની જેમ રેડીમેઈડ કાંઈ નહોતું. બધાં વિવિધ પ્રકારના વ્યંજનો ઘરે જ બનતાં. જેમકે ચેવડો , ગાંઠિયા, સેવ,મઠિયાં-ફાફડા જે દસતાથી કુટી કુટીને બનાવતાં, ફરસીપુરી, સાતપડી પુરી,દહીંથરા, ઘૂઘરા. મિત્રો,ઘૂઘરાની કાંગરી વાળવી પણ એક કળા છે.જે આ કળામાં પારંગત હોય એની તો એપોઈન્ટમેન્ટ લેવી પડે.મિઠાઈ પણ ઘરમાં જ બનતી. મગજ ,મૈસુબ ,મોહનથાળ વગેરે વ્યંજનોના ડબ્બા ભરાતાં એમાં બધાં એકબીજાની મદદ પણ કરતાં. મિત્રો,આ સમય એવો હતો જ્યારે મોબાઈલનું ચલણ નહોતું. એટલે એકબીજાના ઘરે જવાની પ્રથા હતી. જે પણ આવે એમને આજ નાસ્તા અપાતાં.
એ સમયમાં કપડાં ચંપ્પલ બધું જ દિવાળીમાં જ મળતું. આજની જેમ નહીં કે આખું વર્ષ ઓનલાઈન ઓર્ડર કરીને મંગાવવાનું.
દિવાળીનાં સપરમાં દહાડામાં તો બધાં તાનમાં આવી જતાં. ધનતેરસનાં દિવસે લક્ષ્મીજીનું પૂજન કરતાં, કાળીચૌદશનાં દિવસે કકળાટ કાઢતાં ત્યારે અમને નીચે જવાની અનુમતિ મળતી નહી. કારણ ચારેબાજુ કુંડાળા કરી કકળાટ કાઢયાં હોય. આજે આ પ્રથા શહેરોમાં નહીંવત જ રહી ગઈ છે.દિવાળીમાં ચોપડા પૂજનનું પણ મહત્વ હતું. કારણ ત્યારે કંમ્પ્યૂટરયુગ નહોતો. બેસતાં વર્ષની તો વાત જ શું કરું. સવારનાં ચાર વાગ્યામાં માળામાં ચહેલપહેલ શરૂ થઈ જતી.મને બરાબર યાદ છે કે મારી માતા ઉઠતાં વેંત ઘરનો કચરો વાળીને એક થાળીમાં ભેગો કરતાં અને બહાર નાંખવા જતાં સાથે વેલણ લઈ જતાં અને આવતી વખતે "આળસ જાયને લક્ષ્મી આવે "એવું બોલતાં બોલતાં થાળી વગાડતાં ઘરે આવતાં આની પાછળનો હેતુ ફક્ત એટલો જ આખું વર્ષ આળસથી દુર રહી કામ કરો એટલે લક્ષ્મી આવવાનીજ.આની સાથે સબરસ (મીઠું)ના શકન. "સબરસ " એટલે બધાં રસ જેના થકી તમારું આગામી વર્ષ હર્યુંભર્યું રહે.સવારનાં પહોરમાં છ વાગે તો સાલ મુબારક કરવાવાળા ઘરે આવવાં લાગતાં. મોઢું મીઠું કરવાની થાળી તૈયાર રાખવી પડતી .અમે બધાં મિત્રો સાથે આખાં માળામાં સાલ મુબારક કરવાં નીકળી પડતાં એમાં પણ પહેલાંથી જ ખબર હોય કે કોના ઘરમાં શું હશે.?જેનાં ઘરમાં ચોકલેટ પીપર કે બદામ પિસ્તા હોય એનાં ઘરે પહેલાં જતાં. જેટલું હાથમાં આવે એટલું લઈને ખિસ્સા ભરતાં. પછી મંદિરે જઈને ઘરે દાદીમાંએ બનાવેલું શ્રીખંડ, પુરી ને ઊંધિયાંની લહેજત ઉઠાવતાં. સાંજે ઠાકોરજીને છપ્પન ભોગ ધરાવવાની તૈયારીમાં લાગી જતાં અને પ્રસાદમાં સખડીનો સ્વાદ માણતાં. મિત્રો,સખડી એટલે શું? એતો જેને ખાધી હોય એને જ ખબર પડે. ઠાકોરજીનો છપ્પનભોગ જેને ભેગો કરી પ્રસાદમાં આપવામાં આવે એ સખડી.દિવાળીમાં બોણી પેટે વડીલો પાસેથી એક કે બે રુપિયા મળતાં તો પણ રાજીના રેડ થઈ જતાં.
દોસ્તો દિવાળીની વાત આવેને ફટાકડાંની અને દીવડાંની વાત ન કરીએ એ કેમ ચાલે . ફટાકડાંમાં આજના જેટલી વેરાયટી નહોતી ૧૦૦ થીર૦૦ રુ ફટાકડાંમાં તો અમે બધાં ખુશ થઈ જતાં. દોસ્તો આજે તો ચાઈનીઝ ફટાકડાં અને લાઈટની બજારમાં માંગ છે પણ અમે તો માટીનાં કોડિયાં અથવા કાચનાં ગ્લાસમાં કલરવાળું પાણી અને ઉપર તેલ નાંખી એની પણ વિશિષ્ટ પ્રકારની વાટ આવતી જે હજી પણ મળે છે એનાં જ દીવા કરતાં.
મિત્રો, નવી ફેશન અપનાવવામાં કાંઈ ખોટું નથી પણ આપણી પરંપરા આપણી ધરોહર આપણાં તહેવારોનું સાચું જ્ઞાન આપણી ભાવિપેઢીને આપવું જ રહ્યું .આપણે આતશબાજીમાં એટલાં તો ખોવાઈ ગયા કે આત્માની બાજીથી વિખુટા પડી ગયાં. આજે આપણે આપણી પરંપરાનું પાલન નથી કરતાં તો ભાવિ પેઢી ક્યાંથી કરવાની? હું તો કહીશ આપણી કરતાં તો આપણો યુવાવર્ગ વધારે સમજદાર છે. એમણે પર્યાવરણને ધ્યાનમાં લઈ ફટાકડાં ફોડવાનું ઓછું અથવા તો બંધ કરી દીધું છે. મારું પણ કહેવું છે કે આપણી મહેનતની કમાણીનો ધુમાડો કરવાંને બદલે એજ પૈસાથી કોઈ ગરીબ ગુરબાની મદદ કરી અથવા તો કોઈ અનાથાશ્રમમાં જઈને એ ભૂલકાંઓ સાથે દિવાળી મનાવીને તો જોજો તમને આનંદ અનેરો થાશે.......
જીજ્ઞા કપુરિયા "નિયતી "

-----------------------------------------------

## NOG 005

કોડીયું
"મા, આજે દિવાળી! દીવા મૂકીહુ ને? નવા કપડાં ને ફટાકડાં હો લાવહે ને તું?" શર્ટ પહેરાવતાં, તૂટેલાં બટનને જેમતેમ વાસતા વિધવા સવીનાં હાથ, દિકરા ગોપાલનાં પ્રશ્નોથી થંભી ગયાં.
શું જવાબ આપે? "કરમનાં ફૂટેલા કોડિયે દિવાળીનાં દીવા કેવી રીતે પ્રગટાવુ?" વિચારતી તે ઘરની બહાર નીકળી ગઈ.
મોડી સાંજે હવેલીએથી કામ પતાવીને સવી પછવાડેથી નીકળી! કપડાં-ફટાકડાં લઈ દોડતી તે ઘરે પહોંચી. આજે ગોપાલનાં હૈયે, સવીનાં સમર્પણનાં કોડીયાનાં અજવાળે દિવાળી થઈ ખરી!
વંદના વાણી.

-----------------------------------------------

## NOG NO/0030

વિભાગ / પ્રકાર : પદ્ય / છંદબદ્ધ ગઝલ (રમલ છંદ)
બંધારણ : ગાલગાગા ગાલગાગા ગાલગા
રાગ : દિલ કે અરમા આસુ ઓ મે બહે ગયે
શીર્ષક : ખોટા અર્થમાં...

પ્રેમ તારો વ્હાલમાં કે તર્કમાં,
હું ભમ્યો છું એ જ ખોટા અર્થમાં.
જાણતો હું કોઇને ક્યારે ન'તો,
લાગણી જોડાઇ માના ગર્ભમાં.
પાપ કરતાં કેમ ના સમજાય બસ?
એ હિસાબો તો થશે બસ નર્કમાં.
પ્રેમમાં સાથે રહે છે ને બધા,
તોય સંબંધો લખાયા શર્તમાં.
લાગણીઓ તો ઘણી મારી હતી,
"ધીર" જો'તો રાહ બેઠો વ્યર્થમાં.

ધિરેનકુમાર કે. સુથાર "ધીર
"D.K......" - વડોદરા

-----------------------------------------------

## NOG No.0007

મારા શૈશવની દિવાળી
અસત્ય પર સત્યના વિજયની ઉજવણી એટલે દિવાળી. આનંદ, ઉલ્લાસ, ઉમંગ, ચેતના નો સરવાળો એટલે દિવાળી. પ્રકાશ અને રંગોનો સમન્વય એટલે દિવાળી. સહજીવનનું પરફેક્ટ ઉદાહરણ એટલે દિવાળી. મને યાદ છે જ્યારે હું નાની હતી એટલે કે લગભગ ૧૦- ૧૧ વર્ષની હોઈશ, દિવાળીની તૈયારી રૂપે ઘરમાં દરજી બેસાડવામાં આવતો. ઘરના બધાં બાળકોના કપડાં દરજી કાકા સીવી આપે.મમ્મીને ઘરની સફાઈમાં પણ અમે હાથ દેવડાવતાં. એ બહાને મેળા પરથી ઉતારેલી વસ્તુઓમાંથી આપણો ખજાનો શોધવો. જાતજાતની વસ્તુઓ ખજાના રૂપે દિવાળીની સફાઇ વખતે હાથમાં આવે.પાંચીકાના પથ્થરો, રમકડાં રૂપે સાચવી રાખેલી અનેક વસ્તુઓ જેમકે માચીસ ના ખોખાં, કાચની બંગડીઓના રંગબેરંગી ટુકડાઓ, હસ્તકામ માટે સાચવેલા પિસ્તાના છોતરાં, સંચાથી છોલેલી પેન્સિલના છોતરાં,પેનના ખાલી ખોખાં,પીપળાનું સુકાઇ ગયેલું પાન; આવી અનેક વસ્તુઓ નીકળે તે જોઈને હું રોમાંચિત થઈ જતી. ઘરની સાફ સફાઈ થઈ જાય પછી મમ્મી રાત્રે મોડે સુધી જાગીને જાતજાતનાં નાસ્તાઓ બનાવે અને અમે ; અમારું ઘર ભોંયતળિયે એટલે રંગોળી પુરવા સરસ મજાનો ઓટલો મળે. એના પર અમારા પપ્પા સાથે બેસીને મીંડા વાળી રંગોળી બનાવતાં. હાથની પહેલી આંગળી અને અંગૂઠાથી સફેદ ચારોળીની ચપટી ભરી મીંડાઓ જોડી ડિઝાઇન બનાવવાનું મારા પપ્પા પાસેથી શીખી. એમાં ઘણીવાર ખોટી જગ્યાએ મીંડા જોડાતાં ડિઝાઇન ખોટી બનતી, જે પપ્પા સુધારી આપે. પછી એમાં રંગોની પસંદગી. આછો ઘેરો એ રીતે ભરવાનો જાણે નાનો ગાલીચો જ પાથર્યો હોય એવું લાગે. મને એવી ટપકાંવાળી ડિઝાઇનનું ઘેલું આજે પણ છે. મને યાદ છે તે વખતે ફક્ત માટીના કોડીયા જ મળતાં. આજના જેવા વિવિધ આકારવાળા કોડીયા નહોતા મળતાં. એટલે મારી મમ્મી એક સાથે બે ડઝન જેટલા કોડિયા લાવે એ બધામાં તેલ પૂરી આડી વાટનો દીવો કરી અમારી બાલ્કનીના આખા કઠેડા પર લાઈનસર મુકતાં. રસોડાની બારી પર પણ મૂકતાં. તે દીવડાઓની સુંદરતા આજની ફેન્સી લાઇટોમાં મને નથી દેખાતી. બેસતાં વર્ષે એટલે કે સાલ મુબારક ને દિવસે સવારે વહેલાં ઊઠી જવાનું. નાહી ધોઈને નવું સીવડાવેલું ફ્રોક અને ઊંચી એડીના સેન્ડલ પહેરી તૈયાર થઈ જઈએ અને આખો દિવસ બહેનપણીઓ સાથે એકબીજાના ઘરે જઈ મજા જ કરવાની. મને યાદ છે અમે જ્યાં રહેતાં હતાં ત્યાં લગભગ એટલે કે મરાઠી, બંગાળી, મારવાડી, મદ્રાસી એવી રીતે દરેક જાતિના લોકો રહેતાં હતાં. એટલે એ બધાનાં ઘરે જઈએ અને જાતજાતની વાનગીઓ ખાતા. ઓરેન્જ, પાઈનેપલ અને રોઝ એ ત્રણે ફ્લેવરના શરબતો દરેકના ઘરની પેટને હતી. અને હા મસાલા સોડા તો હોયજ અને એ અમે સામેથી માંગીને પિતા. એની લહેજત આજના એક પણ કોલડ્રીંકસમાં મને નથી આવતી.આજે પણ એ દિવાળીની ઉજવણી યાદ આવે છે ત્યારે હોઠો પર એક આછું સ્મિત આવે છે.અને ચહેરો આનંદથી મલકી ઊઠે છે.શ્ર?
લેખિકા : આરતી મરચંટ
મુંબઇ : કાંદીવલી.

-----------------------------------------------

## NOG SS NO:4

વિભાગઃ ગદ્ય
શીર્ષકઃ
દિવાળીના સંસ્મરણો અને આજની દિવાળી
નાની હતી ને દિવાળી કરવા મોસાળ જતા.દિવાળી યાદ કરૂ એટલે રામની ને રાવણની યાદ આવે નાની મેનાબા રોજ વાર્તા કરે એટલે ગોખાઈ ગઈ હતી...પણ સીતાને અગ્નિ પરીક્ષા આપવી પડી હતી એ કહેતા નાનીનાં આંખમાં આંસું આવે...ત્યારે સમજ ઓછી તેથી એવું સમજાયું રામ બધાં સાથે સારા હતા પણ પત્ની સાથે નહિ...મારા મંજુલામામી સુંદર ગાલ પર સુંદર મસો ને મામા વહેમનું પુતળુ પણ હસતા હસતા ખવડાવેલી ગરમ ભાખરી ને સૂકી લસણની ચટણી ને બધાં ભાઈ ભાડું વહાલનો દરિયો.એમાંથી પ્રિય વ્યક્તિઓની વસમી વિદાય..હવે દિવાળી ઉજવવી ન ગમે..ખગેન અને મુંજાલ જેવા ભાઈઓ ને પ્રિયજન મિલન..બાકી હતું તે મામી પણ ગયા..તેવા કોરોનાના ભાડાંએ કેટલાય ઘરનાં દિવા ઓલવ્યા છે ને!
સાચું જ સમજી હતી પતિ બધા સાથે સારા પણ હક જતાવાના બહાને પત્ની સાથે રામ જ બની જાય કેમ ખોટું કહુ છુ વાચક મિત્રો ...?
ચાલો મામા ને ત્યા શરત હતી જે ફટાકડાં ન લે તેને બે જોડી નવા કપડાં મળે,આજે જો ફટાકડાં ઓછા કરવા હોય તો બાળકને કહી શકો ફટાકડા નહિ લે તો મોબાઈલ ફોન અપાવીશ.જૂઓ અડધોઅડધ પ્રદુષણ ઓછું થઈ જશે મિત્રો...
સરસ નાસ્તા બનતા મમ્મી જેને અમે ઈજા કહેતા તે મામી બધા ભેગા થઈ બનાવતા..પણ મને તો નાનીની કુલેર બહુ વહાલી ને તાંસાનો વાડકો તેમાં ભૂકો કરેલો રોટલો ને દૂધને ખાંડ...મારે મન પકવાન હતા....
ધીરે ધીરે સમજણ આવી ફટાકડાં વ્યર્થ લાગવા લાગ્યા.સૌથી નાના મામા એમની ને મારી ઉમ્મરમાં ફરક નહોતો એ કાળીચૌદસે નાનાનો માર ખાતા કારણ પાનબીડી વાળો વરસનો હિસાબ લેવા આવતોને મામા નો હિસાબ લાંબો ચોડો નિકળતો..?નાના પણ જાણતાને મામા પણ જાણતા પણ આ દર વરસે જ બનતું .સમજણી થઇ એટલે અગિયારસને દિવસે જ મામાનું બિલ નાના પાસે થી પૈસા લઈ ચૂકવી દેતી પણ મામા નાની ઉમ્મરે ગયા ત્યારે થયું બધા નશા એ કરતા પણ નશો તેમને જ ખેંચી ગયો...??
પાનવાળા ની રીતે ભગવાન ચેતવી રહ્યો હતો પણ ...ન ચેત્યા...
ભણતર વધતું ગયું ને દિવાળી ભરૂચમાં શરૂ થઈ.અથવા તો મન હવે ભરૂચ રહેવા માટે લલચાતું .મિત્રો સખીઓ ને લીધે જઅમુક મિત્રો ની સખી ઓની રાહ જોવી ગમતી તેમની નવા વર્ષની વધાઈ મીઠી લાગતી.પોસ્ટકાર્ડ કે દિવાળી કાર્ડ ની રાહ જોવાતી.મોબાઈલ નહી દિલના તાર જોડાતા અને દિવાળી શુભમંગલમય બની જતી.
ઓટલા પર સુંદર રંગોળી રાતરાત જાગી ને બનાવતા . આમ તો મોટીબેન સરસ બનાવતી તેથી આપણે બંદા તો ચોપડી ભલીને પેલો સોનીનો રેડિયો ભલો. બહેન સાસરે ગઈ એટલે જવાબદારી રંગોળીની મારી પર આવી.ખાસ મિત્ર આવવાનો એટલે સ્વાર્થી બની કરવા બેસતી..સવારે સબરસ લેવાની તાલાવેલી લાગતી...કુંભારણ માટીના રમકડાં આપી જતી...એમા નાની ઘંટી મારી પ્રિય હતી.
કેટકેટલાય કેટલા નાસ્તાની આપલે થતી..સૌથી વધુ આના પાઈ ની ગણતરી થતી ને સિનેમા જોવા જવાની મજા પડતી.રાત્રે ઝાડુવાળી ખાવા લેવા આવતી તો છાનામાના એને મગજ ને સુવાળી વધુ આપી સંતોષ મળતો કે કૈંક સારૂ કાર્ય ચોરી કરીને પણ કર્યુ .ત્યારે ઘર સાચા ફૂલથી શોભતા આજે બનાવટી ફૂલથી શોભે છે
ત્યારે ઘર શોભતા આજે બજારો શોભેછે..ત્યારે લોકો આડોશીપાડોશી પાડોશીને ત્યા જતા આજે લોકો હિલસ્ટેશન ને વિદેશ જતા રહે છે.ઉંબરા ઘરના વડીલો ની જેમ કોરા કયા બનાવટી સ્વસ્તિક થી શોભેછે...કયા દિવા ને જ્યોતના પ્રકાશ ઈલેકટ્રીક લાઇટો થી શોભે છે...ફટાકડાંનાં ધૂમાડા વિદેશી બની ગળા ખરાબ કરેછે...મઠિયા રેડીમેડ મળે છે..બનાવટી માવાની મિઠાઈ લેવા કલાકો લાઈન મા ઊભા રહી...શરીરની પાયમાલી કરી કેટલા રૂપિયાની મિઠાઈ ખરીદી એ માનસમ્માન નો પ્રશ્ન બની જાયછે...રંગોળી તૈયાર મળે છે...આંગણે ઘી તેલના દિવા ઘરની શોભા બગાડે છે તેથી દિવાળી દિવા વગરની બની જાય તો નવાઈ ન પામશો..!!
૩/૧૧/૨૦૨૦
આવ્યો છે કપરો મહા રોગ તો ધુમાડાં વાળા એ ફટાકડાંનો ત્યાગ કરો.ઘરમાંને બહાર વડીલ કે માંદા લોકોની જરૂર તકલીફ સમજો..હું તો કહીશ ઘરે ઘરે જુઓ દર બે ઘર ત્રણ ઘરમાં લોકો મૃત્યું પામ્યાં છે એમની દિવાળી કેવી હશે જરૂર વિચારો.આ વર્ષે દિવાળી લોકોની તકલીફ સમજી તેમને કંઈક ત્યાગી જરૂર તમારી સહાનુંભૂતિ દર્શાવો.મે માર્ચ ઓગણીશ તારીખે નિયમ લીધો છે કોરોના નાબૂદ ન થાય ત્યાં સુધી હું શોપીંગ નહિ કરૂ. તે પૈસા હું દવાખાનામાં જેની પાસે સારવાર કરવાના પૈસા નથી ત્યાં આપીશ..આમ દ્રઢ નિર્ણય જરૂર મારા જીતનું કારણ બનશે જ.તમે પણ કંઈક એવો નિર્ણય લો તમારી મનગમતી વસ્તુ ત્યાગી દો..ફટાકડાં તો ન ખરીદો મ ખરીદવા દો.
જયશ્રી પટેલ...વડોદરા

-----------------------------------------------

## NOG SS NO :09

"દિલખુશ દિવાળી અને ઝક્કાસ ઝાયણી"....
"આજ દિવાળીને કાલ દિવાળી,
ગોકુળીયામાં ઠેર ઠેર ઘી-પોળી....
મહેર તારી ઘણી થઈ મેઘરાજા,
અમારે હવે રોજ રોટલોને ખાજાં."

શું વાત કરું એ વરસો પહેલાંની દિવાળી......
કદાચ આનંદ નામની ચીજ એ પાંચ દિવસોમાં કૂટી કૂટીને ભરી હતી.કાગડોળે રાહ જોતા એ દિવાળીની.
એમ કહું કે દિવસો ગણતા......મહિનો બાકી, પંદર દિવસ બાકી, દસ...આઠ,સાત,છ,પાંચ....વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ,દિવાળી,ઝાયણી(બેસતું વરસ) અને ભાઈ બીજ...
ક્યારે આવે ,ક્યારે આવે.......
વેપારીનો દીકરો એટલે ધનતેરસે ધન ધોવા(લક્ષ્મી પૂજા)નું મહત્વ ઘણું....દાદા મને હંમેશા જોડે બેસાડીને બધી વિધિ શીખવાડે. પૂજાના દિવસે દાદા સાંજે નાહીને નવા સીવડાવેલાં સફેદ વ્રૂો પહેરે....ખાસ તો ક્યારેક વાર પ્રસંગે જોવા મળતી એ સફેદ ટોપી..... આહાહાહા....શું દાદાની એ જાજરમાન છટા....હજુય દર ધનતેરસે મારી બાજુમાં દાદા બેઠા હોય એવો અહેસાસ થાય છે હોં !...
તિજોરીમાંથી ધનની કોથળી કાઢે,જૂના સમયના સિક્કાઓ....ઢબુ,આનો,રાણી છાપ રુપિયો..પઈ(૧ પૈસો),બગિયું(બે પૈસા),પાંચિયું,દસિયું,વીસ પૈસા, પાવલી,આઠ આના,રુપિયો,બે રુપિયા,પાંચ રુપિયા અને દસ રુપિયાના સિક્કાઓ, પાંચ સાત ચાંદીના સિક્કાઓ....આ બધાની વિધિવત પૂજા થાય...પૂજા પછી પંચામૃત અને સાકરીયાનો પ્રસાદ...
પછી કાળી ચૌદસ.....બહુ બીક લાગતી ભૂતની નાના હતા ત્યારે તો.. .લપાઈને બેસી જતા.બધા બીવડાવે કે આજે તો ભૂત ફરવા નીકળે....પણ ક્યારેય જોવા ના મળ્યું.સાંજે ઘેર ઘેર એક મહત્વની વિધિ થતી....કકળાટ કાઢવા ની.....
બધાય ઘેર ભજીયાં બનાવે અને ચાર રસ્તે ભજીયાં અને પાણીનો લોટો લઈને દી આથમ્યે જવાનું..... ભજીયાં મૂકી ઉપર પાણીનો લોટો ફેરવીને ઢોળી દેવાનો.....પછી ચૂપચાપ કંઈ પણ બોલ્યા વગર, પાછળ જોયા વગર ઘેર પહોંચી જવાનું,જો ભૂલેચૂકે પાછળ જોઈ ગયા તો કકળાટ પાછો ઘેર આવે......
પછી હનુમાનજીના મંદિરે ભજીયાં અને તેલ ચડાવવાનું.છેવટે ભજીયાં ખાઈને ખાટલીમાં લપાઈને સૂઈ જવાનું.......ભૂતના ભયથી મોં ઉપર પણ ચાદર અને મનમાં હનુમાન ચાલીસા ......
વહેલી પડે દિવાળીની સવાર....
દિવાળી એટલે અમારે માટે ચોપડા પૂજન......
ચોપડા પૂજન લગભગ વહેલી સવારે(પરોઢીયે) જ હોય,એ દિવસે સાંજે શુકનનો કંસાર બને.એમાં ઘી અને દળેલી ખાંડ નાખીને ખાવાની મજા જ કંઈ અલગારી હતી. ચોળાનું શાક પણ ખાસ કરવામાં આવતું.
રોજ રાત્રે ધનતેરસથી લઈને ભાઈબીજ સુધી તો ઘરની બહાર ગોખલામાં દીવા તો મારે જ કરવાના.
પછી રાત્રે મેરાયાં ચકાળીગા ના બે ફાડીયાં કરીને એમાંથી બીજ અને ગર કાઢી નાખીને નીચેના ભાગે બાવળનું કે જાળાનું નાનું દોઢ -બે હાથનું લીલું લાકડું(સોટી) ઉપરથી એકાદ વેંત જેટલું ચાર ફાડમાં ચીરી અને કારીગાના બહારના ભાગે ચારે બાજુ ભરાવીને પછી અંદર દિવેલ તેલ ભરીને દીવો કરવાનો‚ લઈને ઘેર ઘેર ફરવાનું......
બધા એમાં તેલ ભરી આપે.પછી છેલ્લે ગામની ભાગોળે મૂકી આવવાનાં
આખો દિવસ દારુખાનું વેચવાનું અને વધેલું દારુખાનું ચોપડા પૂજન પછી ફોડવાનું.........
ગોર મહારાજને વારંવાર બોલાવવા જવા નું...... જલ્દી ચાલો .......જલ્દી ચાલો.
જેની દુકાન આગળ ધડાકા ભડાકા ચાલુ થાય એના ત્યાં પૂજન પતી ગયું એમ સમજવાનું.
પૂજન લભગભ ચાર વાગે પતે.......પછી સૂવા નું કેવું? નાહી તો પૂજન પહેલાં જ લીધું હોય.........ઝાયણીની ઝાલર વાગે.
પાંચ વાગે એટલે સૌ પ્રથમ દાદા-દાદી અને મમ્મી-પપ્પા ને પગે લાગવાનું,પાંચ રુપિયા મળતા.
પછી મંદિરે દર્શન કરી આવવાનાં અને સામા મળે એને રામરામ અને જે શ્રીકૃષ્ણ કરતા રહેવાનું.
પછી દુકાનની પેઢીએ દાદા અને પપ્પા બેઠા હોય ત્યાં જોડે બેસવાનું..એક ડીશમાં મુખવાસ અને એકમાં બીડી- બાકસ.....ચા ભરેલી કીટલી અને રકાબીઓ પડી જ હોય.
બે દરવાજા વાળું મકાન....ઘર દુકાન ભેગું જ....... બહારના ભાગે દુકાન....અંદર ઘર.
એક પછી એક માણસ આવે .......દાદાને અને પપ્પાને રામ રામ કરે.ચા પીવે ,બીડી પીવે ,મુખવાસ ખાય .....અને આગળ વધે.
નાની નાની વહુઓ આવે......દાદીના પગ ખૂંદે(બે હાથથી દાબે).....દાદી આશીર્વાદ આપે........જોવાની ખૂબ મજા આવે.મનમાં પ્રશ્ન થતો કે આ બધાં દાદીના પગ કેમ દબાવતાં હશે?
પછી દિવાળીનો મમ્મીએ બનાવેલો નાસ્તો..........મોહન થાળ, મગદળ(મગજ ના લાડુ),તીખી પુરી,ફરસી પુરી, શક્કરપારા,ચેવડો,મઠીયાં,ઘૂઘરા...........ધરાઈને ખાઈ લેવાનું.
પછી ભાઈબંધોની ટોળી ભેગા દારુખાનું ખિસ્સામાં ભરીને નીકળી જવાનું.
પહેલાં મહાદેવ મંદિરથી બારૈયા(ઉગમણી દિશા એ આવેલું ગામનું બહુ જ મોટું તળાવ) સુધીની ગાય અને ઘોડા દોડ જોવાની.ચારે બાજુ ગોકીરો અને રીડીયા રમણ ચાલુ હોય.....લાલ કપડું બતાવીને ગાયોને દોડાવે.એ પતે પછી આઘા ગરનાળે જવાનું .......એની નીચે સુતળી બોમ્બ ફોડવાના એટલે ઘેરા પડઘા પડે.
એક વાર તો કપુરીયા(આથમણી દિશામાં આવેલું નાનું તળાવ)માં આવેલા ઓરા(નજીક) કૂવામાં ફટાકડા ફોડતાં કોઈ જોઈ ગયેલું અને દાદાને કહી દીધું એટલે દાદા અમને ખૂબ વઢયા હતાં.અંદર દેડકા અને કાચબા અને બીજાં પ્રાણીઓ મરી જાય તે. અમને તો અંદર કૂવામાં અધવચ્ચે જઈને ભડાકો થાય તો આખો કૂવો ગાજે એટલે મજા આવે પણ પછી અમે બંધ કરી દીધેલું.
પછી જમીને પાછા ખોડીયારમાની દેરીએ કાં તો ગામની બારે ....મઢીની પાછળ કે અમારી નિશાળમાં રમવાનું.ત્રણ ચાર વાગે એટલે દોડતાક ઘરે આવીને થોડો નાસ્તો કરીને પાછા બધા ઓરા ગરનાળે ભેગા થઈને સીધા મલાય હનુમાન.ગામથી ત્રણ કિલોમીટર દૂર આવેલું મંદિર.દોડતા જઈને દર્શન કરી આવવાનું.આમ જ ફરતાં રખડતાં રાત પડી જાય એટલે જમીને થાકયા પાકયા ખાટલામાં પડયા ભેગા ઢગલો.
વહેલી પડે સવાર.
"ભાઈ બીજ".
સવારથી જ મમ્મીને પૂછવાનું ચાલું............હજુ મામા કેમ ના આવ્યા, કેમ ના આવ્યા?
ખબર કે બસ સાડા દસે આવે છે તો પણ નવ વાગે ટેશને (સ્ટેશને) જઈને બેસી જવાનું.
મામા બસના પગથિયે હોયને થેલો ઝૂંટવીને ભાગવાનું....દોડતા ઘરે..........થેલાનો ભાર જ ના લાગતો......અંદર મામાની લાવેલી મિઠાઈ જો રહેતી.
મામા આયા,મામા આયા.........આખી શેરી ગજવવાની.
જમીને મામા જોડે મસ્તી કરવાની. સાંજે મામા જોડે વટથી ગામમાં નિકળવાનું.......મામા એટલે જાણે કલેકટર. બસ સ્ટેન્ડ મૂકી આવવાના.
ભાઈબંધોને વટથી મામાએ લાવેલી વસ્તુઓનું લિસ્ટ ગણાવવાનું.
મિઠાઈનું પેકેટ,એક જોડ નવા ચડ્ડી બુશ્કોટ,ત્રણ મામાની જૂની ચડ્ડીઓ,બે જૂના બુશ્કોટ.......એકાદ રમકડું...........ચકરડી કે સિસોટી કે એવું................
રમતાં રમતાં રાત પડી જાય એટલે સુઈ જવા નું.......આવતી દિવાળીનાં સપના જોતા જોતા.
"વહેલી આવે આવતી દિવાળી."
ડો.કિશોર ઠક્કર.ગાંધીધામ.



### યુ-ટ્યૂબ પર કબડ્ડીના પાઠ ભણ્યા

# માલપુર-કોયલિયા ગામના યુવકોની નેશનલ લીગમાં પસંદગી,મેદાનના અભાવે ખેતરમાં મેદાન બનાવ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સોશ્યલ મીડિયાના ફાયદા-ગેરફાયદા અનેક છે આધુનિક ટેક્નોલોજી થકી અનેક અંતરિયાળ વિસ્તારના લોકોને તેમનામાં રહેલું કૌતક બતાવવાની તક મળતી હોય છે ભારતની રાષ્ટ્રીય રમત કબડ્ડી છે. થોડા વર્ષોથી પ્રોફેશનલ કબડ્ડીને પગલે રમત પ્રત્યે યુવાનોની રુચિમાં વધારો થયો છે ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર ગામના પાર્થ વાઘેલા અને કોયલિયા ગામના રાહુલ ખાંટ નામના યુવકોની નેશનલ લેવલે પસંદગી થઈ છે. સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો છે પાર્થ વાઘેલા અને રાહુલ ખાંટ યુ ટ્યુબ અને ટીવી પર



કબડ્ડીના દાવપેચ શીખી પસંદગી પામ્યા છે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારના યુવાનો રમત પ્રત્યે રસ દાખવી રહ્યા હોવાની સાથે મનપસંદ રમતમાં કારકિર્દી બનાવી દેશના ફલક પર નામ ચમકાવ્યુ છે માલપુર ગામનો પાર્થ વાઘેલા નામના યુવકે કબડ્ડીમાં છેલ્લા કેટલાક વર્ષોથી કબડ્ડીની રમત થી આકર્ષાઈ કબડ્ડીની રમત માટે તનતોડ મહેનત શરુ કરી હતી યૂટ્યૂબ પર કબડ્ડીની રમત નિહાળી પ્રેક્ટિસ કરવાની શરૂઆત કરી દરરોજ ૬ કલાકની અથાગ મહેનત પછી તાલુકા જિલ્લા અને રાજયકક્ષાએ સ્થાન મેળવ્યા બાદ ૬૫ કેજી માં નેશનલ કક્ષાએ પસંદગી થતા દેશ અને વિશ્વમાં અરવલ્લીનું નામ રોશન કરવા માટે વધુ મહેનતમાં લાગી ગયો છે પાર્થ વાઘેલાની નિમણુંક થતા તેનો ઉત્સાહ વધારવા લોકો સન્માનીત કરી રહ્યા છે માલપુર તાલુકાના કોયલીયા ગામનો રાહુલ વાઘભાઈ ખાંટ નામનો યુવક કબડ્ડીમાં દેશ વતી રમવા માટે ગામમાં મેદાન ન હોવાથી ખેતરમાં મેદાન બનાવી ગામના અન્ય યુવાનો સાથે કબડ્ડીની રમત રમવાનું શરુ કર્યા બાદ ટીવીમાં કબડ્ડીના પાઠ ભણી ૪ વર્ષની અથાગ મહેનત પછી રાષ્ટ્રીય લેવલે પસંદગી થતા સમગ્ર પંથકમાં આનંદ છવાયો છે રાહુલ મેઘરજ કોલેજમાં અભ્યાસ કરવાની સાથે કબડ્ડીમાં પણ મહેનતના જોરે સફળ રહેતા ગરીબ ખેડૂત પરિવારમાં આનંદ છવાયો હતો અરવલ્લી જીલ્લાના બે યુવકોની રાષ્ટ્રીય કબડ્ડીની ટીમમાં પસંદગી થતા જીલ્લામાં આનંદ છવાયો છે બને યુવકો અરવલ્લીની ગિરિમાળાઓનું રાષ્ટ્રીય કક્ષાએ પહોંચેલ ખમીર વિશ્વમાં પહોંચાડે તેવી શુભેચ્છા લોકો પાઠવી રહ્યા છે

### ચેરમેન તરીકે શંકર ચૌધરી પુનઃ પ્રસ્થાપિત થયા

# એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની આજે ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ બન્યા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

એશિયાની સૌથી મોટી બનાસડેરીની ચૂંટણી બિનહરીફ બન્યા બાદ આજે પ્રથમ વખત નિયામક મંડળની બેઠક મળી. જેમાં ચૂંટણી અધિકારી એફ .એ.બાબી ના અધ્યક્ષ સ્થાને પ્રથમ એજન્ડા માં જ ચેરમેન અને વાઇસ ચેરમેનની નિયુક્તિ કરવામાં આવી. ૧૬ ડિરેકટરો ની હાજરીમાં ચેરમેન વાઇસ ચેરમેનની ચૂંટણી યોજાઈ. જેમાં ચેરમેન તરીકે શંકરભાઈ ચૌધરી તેમજ વાઇસ ચેરમેન તરીકે ભાવાભાઈ દેસાઈ બિનહરીફ ચૂંટાયા.

એશિયાની સૌથી મોટી બનાસડેરીમાં આજે ફરી ચેરમેન તરીકે શંકરભાઇ ચૌધરીએ પદભાર સંભાળ્યો. આગેવાનોની હાજરીમાં તમામ લોકોએ ચેરમેન શંકરભાઈ ચૌધરીની સમર્થન આપ્યું.૧૬ ડિરેકટરો ની હાજરીમાં બનાસ ડેરી ની ચૂંટણી આજે સંપન્ન થઇ.ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આગામી પાંચ વર્ષ દરમિયાન બનાસ ડેરી વિકાસની વધુ પરાકાષ્ઠા હાંસલ કરે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણીમાં આજે ભાજપના આગેવાનો તેમજ સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.ઠાકોર સમાજના આગેવાન અલ્પેશ ઠાકોર પણ આ ચૂંટણી સમયે ઉપસ્થિત રહ્યા હતા.શંકરભાઇ ચૌધરીએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બનાસ ડેરીમાં કરેલા વિકાસના કામો ના કારણે જ પશુપાલકોએ તેમની પર ફરી પસંદગી ઉતારી છે.આગામી સમયમાં બનાસ ડેરી વધુ વેગવંતી બનશે તેઓ તેમણે આશાવાદ વ્યક્ત કર્યો છે.અનેક અટકળો વચ્ચે એશિયાની સૌથી મોટી ડેરી પર ફરી શંકરભાઈ ચૌધરી નું પ્રભુત્વ પ્રસ્થાપિત થયું છે. જોવાનું એ રહેશે કે આગામી પાંચ વર્ષ દરમિયાન શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીને વિશ્વ ફલક પર કેટલી આગળ લઈ જાય છે.

### અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ

# મુખ્યમંત્રીને આદિવાસીઓને જંગલની જમીનની હક્ક પત્રક (સનદ) આપવા પત્ર લખ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

આદિવાસીઓને જંગલની જમીનના ખેડાણના હક્ક પત્રક (સનદ) આપવામાં વિલંબ મુદ્દે હાઈકોર્ટે પણ તેના આદેશમાં નોંધ્યું છે કે દુઃખની વાત છે કે ૧૮ વર્ષનો સમય વીતવા છતાં આદિવાસીઓને જંગલની જમીન પર ખેડાણ કરવા માટે હક્કપત્રક આપવામાં કોઈ પ્રગતિ નથી અને આ અંગે નક્કર કાર્યવાહી કરવા સરકારને આદેશ આપ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી રાજયના સવા લાખ આદિવાસીઓને જંગલની જમીનના હક્કપત્રક (સનદ) આપવા રજુઆત કરી છે આદિવાસી સમાજના યુવા અગ્રણી અને અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી જણાવ્યું છે કે ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ શિડુયલ ટ્રાઈબ એન્ડ અધર ટ્રેડિશનલ ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ-૨૦૦૬ હેઠળ આદિવાસીઓને જંગલની જમીનના હક્ક મળે છે છતાં ફોરેસ્ટ વિભાગ દ્વારા ખોટા નિયમો અને બહાના બતાવી અરજદારોના દાવા ના મંજુર કરવામાં આવે છે જે દાવા મંજુર થયા છે તેને સનદો આપવા પણ અવાર નવાર કચેરીએ ધરમ ધક્કા ખવડાવવા માં આવે છે, જે દુઃખની બાબત છે આ અંગે વહીવટી તંત્ર ને ફોરેસ્ટ વિભાગ ને આદેશ કરી સવાલાખથી વધુ ગુજરાતના આદિવાસીઓ ને જંગલ ની જમીન આપવા રજુઆત કરી હતી ન્યાયની માંગ કરી હતી ભિલોડા અને મેઘરજ તાલુકાના આદિવાસી અરજદારોને જવાબદાર તંત્ર સનદ આપવા ધરમધક્કા ખવડાવતા ન છૂટકે આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી

### રાષ્ટ્રીય કામધેનુ આયોગ તથા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન

# રાજકોટના સંયુકત ઉપક્રમે આજે રાત્રે "ગૌ આધારીત અર્થવ્યવસ્થા" અંગેનો રાષ્ટ્રીય વેબીનાર યોજાશે




ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયાની પ્રેરણાથી આ વર્ષે ૧૧ કરોડ પરીવારોમાં ૩૩ કરોડ દેવી—દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાના ગોબરમાંથી બનેલ ૩૩ કરોડ દિવા પ્રગટે તે માટે ''કામધેનુ દિપાવલી અભિયાન'' ના મંગલાચરણ કરવામાં આવ્યા છે. આ અભિયાન સૌને આ અંગે માહિતી મળે, સૌના મહત્વપૂર્ણ સૂચનો પ્રાપ્ત થાય તેમજ ગૌ માતાનું રક્ષણ થાય તેવા પવિત્ર સંકલ્પથી રાષ્ટ્રીય કામધેનુ આયોગ તથા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન, રાજકોટના સંયુકત ઉપક્રમે એક રાષ્ટ્રીય વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના સદસ્ય અને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ 'ગૌ સંસ્કૃતિનું પુનઃ સ્થાપન' અંગે માર્ગદર્શન આપશે. એડવોકેટ અરૂણભાઈ ઓઝાજી (હિંસા વિરોધક સંઘ), અતુલભાઈ શાહ (સીએ, વર્ધમાન પરીવાર), જયેશભાઈ શાહ—જરીવાલા( શ્રી આદી જીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ), રમેશભાઈ રૂપારેલીયા (ગીર ગૌ જતન સંસ્થા), રાજીવભાઈ શાહ (વડોદરા પાંજરાપોળ), એડવોકેટ અભયભાઈ શાહ (અહિંસા મહાસંઘ) ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

આ વેબીનાર તા.૦૪ નવેમ્બર, બુધવારે સાંજે ૮—૦૦ કલાકે ફેસબુક લીંક https://www.facebook.com/RKamdhenuAayog/ તથા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન ફેસબુક લીંક https://www.facebook.com/animalhelplinekarunafoundation/ પર જીવંત નિહાળી શકાશે. વિશેષ માહિતી માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગના 'કામધેનુ દિપાવલી અભિયાન' ના મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ— એનીમલ હેલ્પલાઈનના પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦ ૩૦૩૯૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### નિવૃત થતા કર્મચારીઓને શાલ,સન્માનપત્ર આપી સન્માનિત કર્યા.

# અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શૈક્ષણિક કર્મચારીઓનું સન્માન કરાયું



સાણંદની સી.કે.હાઈસ્કૂલ માં સાણંદ મુકામે અમદાવાદ જિલ્લા ગ્રામ્ય વિસ્તાર ના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.આર.વ્યાસ સાહેબ તથા જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ અમદાવાદ તથા અણ હિલ પાટણ સંકુલ ના ઉપક્રમે સરકાર તમારા દ્વારે કાર્યક્રમ નું આયોજન આજરોજ તા.૨/૧૧/૨૦ ના કરવામાં આવેલ અને નિવૃત થતા શૈક્ષણિક કર્મચારીઓને શાલ..સન્માનપત્ર..લાસ્ટ પે સર્ટિફિકેટ તથા ફોર્મ..૨૨ આપી ને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમાં જિલ્લા શિક્ષણા ધિકારી ની કચેરી માંથી શ્રીમતી પારુલબેન શ્રી ઠાકર સાહેબ તથા સંકલન સમિતિ માંથી રાજય વ્યાયામ મંડળ ના પ્રમુખશ્રી રણજીતસિંહ વાઘેલા તથા માધ્યમિક સંઘ ના પ્રમુખ શ્રી રામદેવસિંહ ઝાલા તથા અણ હિલ પાટણ સંકુલ ના કન્વીનર દીનેશભાઈ પટેલ સી.કે.હાઈસ્કૂલ ના પ્રિન્સિપાલ મુકુંદભાઈ પટેલ હાજર રહી નિવૃત થતા શૈક્ષણિક કર્મચારીઓ ને સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ નું સંચાલન જયદેવભાઈ ગઢવી એ કર્યું હતું. નિવૃત થતા કર્મચારીઓએ જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ તથા તેઓની કચેરી તથા સંકલન સમિતિ ની આવી સુંદર કામગીરી નિવૃત થતા કર્મચારીનું શાલ અને પ્રમાણપત્ર આપી સન્માન અને પેન્શન માટે મહત્વના એવા લાસ્ટ પે સર્ટી તથા ફોર્મ.૨૨ આપવા જિલ્લા ની કચેરીના અધિકારીઓ હાજર રહીને આપે તેવા સુંદર કાર્યક્રમ કરવા બદલ મુક્તકંઠે સરાહના કરવામાં આવી હતી

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા મીરા વિષય પર ઑનલાઈન ગુજરાતી કવિ સંમેલન યોજાયું

કૃષ્ણ ભક્ત મોહમાયાનો ત્યાગ કરનાર શ્રીસંત રવિદાસની શિષ્યા મીરાબાઈ વિશે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા મીરાંબાઈના જન્મ દિવસ નિમિતે તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે ઑનલાઈન ગુજરાતી કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજીત ૩૫ જેટલા કવિઓ ભાગ લીધો. આ સંમેલનનું ઉદ્ઘાટન આદરણીય શ્રી વિજય તિવારી અધ્યક્ષ સાહિત્ય સેવા સેતુ અમદાવાદ, પ્રસિધ્ધ સાહિત્યકાર દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે લેખિકા પ્રોફેસર ડૉ મંજુરાની (દિલ્લી વિશ્વ વિધાલય) જેમને મીરા વિશે પુસ્તક લખ્યું છે. શ્રી સંદિપ પટેલ ×કસક× વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહી મંચ શોભાવ્યું હતું. તેઓ વ્યવસાયે વિજ્ઞાન શિક્ષક, સાહિત્યકાર ને કોલમિસ્ટ છે.









આ કાર્યક્રમનું સંચાલન સચિવ શ્રી રમેશભાઈ મૂલવાણી (અમદાવાદ) દ્વારા કરવામાં આવ્યું આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલે અતિથિઓનું શબ્દો રૂપી ફૂલોથી સ્વાગત કર્યું હતું

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના એડમિન શ્રી ડૉ ભાવના સાવલિયા રાજકોટ, શ્રી કાંતિભાઈ પટેલ (એડવોકેટ) કોષાધ્યક્ષ, શ્રી વિનિત અસર અમદાવાદ દ્વારા સાહિત્ય કાર્યક્રમોમાં ખૂબજ સુંદર સહાકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ સહકાર આપતા રહ્યાં છે.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી ડૉ. ભાવના સાવલિયા રાજકોટ દ્વારા કરવામાં આવી અને આભાર વિધિ શ્રી કાંતિભાઈ પટેલ દ્વારા કરવામાં આવી.

અંતમાં રાષ્ટ્રગીત ડૉ ગુલાબચંદ પટેલ (અધ્યક્ષ) દ્વારા રજૂ કરવામાં આવ્યું.અત્રે ઉલ્લેખનીય છે કે

આ કાર્યક્રમમાં ભાગ લેનાર કવિઓને સન્માનપત્ર આપી ઑનલાઈન સંમાનિત કરવામાં આવશે




વિશ્વ હિન્દુ પરિષદ,બજરંગ દળ દ્વારા ધ્વારા તારીખઃ-૪/૧૧/૨૦૨૦ ના રોજ આક્રોશ પ્રદર્શન કરવામા આવ્યુ હતુ. આપણી હિન્દુ દિકરી નીતીકા તોમરને વિધર્મી દ્વારા મુસ્લિમ ધર્મ સ્વીકાર ન કરવા બદલ અને તેની વાત ન માનવા બદલ વલ્લભ નગર,હરિયાણા મા ભરબજારે ખુલ્લેઆમ રોડ પર જ વિધર્મી દ્વારા ફાયરિંગ કરી નીતીકા તોમર ની હત્યા કરવામાં આવી. જેનો વિશ્વ હિન્દુ પરિષદ વિરોધ કરે છે. જે નિમિતે બજરંગ દળ દ્વારા આક્રોશ પ્રદર્શન કરવામાં આવનાર છે.જેમા આરોપી ને ફાંસી નિ સજા મલે તેવિ માંગ કરવા મા આવી હતી.જેમા વિશ્વ હિન્દુ પરિષદ,બજરંગ દળ ના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા તે બદલ તેમનો ખુબ ખુબ આભાર.

## એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરીના ચેરમેન તરીકે પુનઃવરણી થવા બદલ શ્રી શંકરભાઈ ચૌધરીને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી શંકરભાઈની ગતિશીલતા અને વિશાળ અનુભવ ડેરી સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો અને ખેડુતોને ખૂબ જ મદદ કરશે.

૨૩ નવેમ્બરથી તમામ નીચલી કોર્ટ શરૂ થશે

રાજ્યના વકીલો માટે રાહતના સૌથી મોટા સમાચાર

હાઈકોર્ટનો આદેશ સરકારી ગાઈડલાઈન સાથે ખુલશે કોર્ટ? કોર્ટ ખુલતા વકીલોની સમસ્યાનું આવશે નિરાકરણ પ્રધાન મોદીના કાર્યકમ પત્યા પછી ૨૪ કલાક ખડે પગે સેવા આપતા પોલીસ જવાનો ફરી એકવાર કોરોનાની લપેટમા આવ્યા.

# હરિયાણા સ્થાપના દિવસ પર મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા હરિયાણા પ્રદેશ મંચ પર કવિ સંમેલન યોજાયું

હરિયાણા રાજય પંજાબ પ્રાંત માં થી અલગ થયું. અને ૧૯૬૬ માં અસ્તિત્વ માં આવ્યું, હરિયાણા ની રાજધાની ચંદીગઢ છે

આજે ૫૧ માં સ્થાપના દિવસ ૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે ઑન લાઈન હિન્દી કવિ સંમેલન શ્રી સુનીલ મિશ્રા ફિલ્મ કલાકાર છત્તીસગઢ, ની અધ્યક્ષતા હેઠળ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા (ગાંધી નગર) હરિયાણા પ્રદેશ પ્રમુખ રાજેશ પૂનિયા દ્વારા યોજાઈ ગયો, આ કાર્યક્રમ માં વિશિષ્ટ અતિથિ તરીકે ડૉ રાજીવ કુમાર પાન્ડેય, અધ્યક્ષ કાવ્ય કુલ સાહિત્ય સંસ્થા ગાજિયાબાદ, શ્રી ડૉ ગોવર્ધન સોઢા, જિલા અધ્યક્ષ અખિલ ભારતીય સાહિત્ય સંસ્થા, શ્રી મહેન્દ્ર જૈન સાહિત્યકાર હિસાર હરિયાણા ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ માં સરસ્વતી વંદના ડૉ મીના પરિહાર પટના બિહાર દ્વારા કરવામાં આવી આ કાર્યક્રમ માં રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ, મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર, દ્વારા અતિથિ ઓ નું શબ્દો રૂપી પુષ્પો થી સ્વાગત કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ નું ઉદ્ઘાટન આદરણીય શ્રી સુનીલ મિશ્રા ફિલ્મ કલાકાર છત્તીસગઢ દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ કુલ ૬૮ કવિ ઓ એ ભાગ લીધો હતો અને પોતાની રચના ઓ પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમ આભાર વિધિ શ્રી રાજેશ પૂનિયા દ્વારા કરવામાં આવી હતી અંત માં રાષ્ટ્ર ગીત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો

# ધનસુરાના નજીક એસટી બસે મોપેડને ટક્કર મારતા કડૂચાલો વળ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે ખાનગી વાહનચાલકોની માફક એસટી બસના ચાલકો બેફામ ગતિએ બસ હંકારી રહ્યા હોવાની બૂમો વચ્ચે ધનસુરા નજીક એસટી બસે મોપેડ ને અડફેટે લેતા મોપેડના ફુરચેફુરચા નીકળી ગયા હતા એસટી બસના ટાયર મોપેડ સવાર આધેડ પર ફરી વળતા ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું અકસ્મતની ઘટનાના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર, ધનસુરાની સ્વામિનાયારણ સોસાયટીમાં રહેતા વસંત ભાઈ મોપેડ લઈ કામકાજ અર્થે ઘરેથી નીકળ્યા હતા બાયડ-ધનસુરા રોડ પર આવેલ હોટલ નજીક પસાર થતા હતા ત્યારે બાયડ થી અંબાજી તરફ જતી બસના ચાલકે બસ ગફલતભરી રીતે હંકારી મોપેડને ધડાકાભેર ટક્કર મારતા વસંતભાઈ રોડ પર પટકાયા હતા મોપેડ અને વસંતભાઈ પર ટાયર ફરી વળતા બંનેનો કડૂચાલો વળી ગયો હતો વસંતભાઈ નામના વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી એસટી બસની ટક્કરે આધેડનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા અકસમાતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી એસટી બસ ચાલક વિરુદ્ધ અકસમાતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK